dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-335 | AD-2026, Bhadarva Sud-01 | Saturday, Dt. 12-09-2026 | Editor: Vasant Movliya : Phone: (02792) 225225 | E-mail: sanjognews@gmail.com | Page-08 Price: Rs.3-00

### સંરક્ષણ, ઊર્જા, વેપાર, પરમાણુ ઊર્જા અને અવકાશ સહિતના મુદ્દે ચર્ચા

# નવી દિલ્હીમાં મોદી-પુતિન વચ્ચે દ્વિપક્ષીય બેઠક

નવી દિલ્હી, તા.૧૧

દિલ્હીમાં યોજાનારી ૧૮મી બ્રિક્સ સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ભારત મંડપમ ખાતે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. બંને નેતાઓ વચ્ચે આશરે ૪૫ મિનિટ સુધી વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. બેઠક દરમિયાન સંરક્ષણ, ઊર્જા, વેપાર, પરમાણુ ઊર્જા, અવકાશ અને રોજગાર સહિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

રાષ્ટ્રપતિ પુતિને વડાપ્રધાન મોદીને ૨૪મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે રશિયા આવવાનું આમંત્રણ આપ્યું હતું, જેનો વડાપ્રધાન મોદીએ સ્વીકાર કર્યો હતો. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, શિખર સંમેલનની તારીખ બંને દેશોની પરસ્પર અનુકૂળતા મુજબ રાજદ્વારી માધ્યમો દ્વારા નક્કી કરવામાં આવશે. આગામી શિખર સંમેલનની તૈયારી માટે બંને દેશો વચ્ચે રાજદ્વારી સ્તરે ચર્ચાઓ આગળ વધશે.

બેઠકમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત-રશિયા વચ્ચેનો વાર્ષિક દ્વિપક્ષીય વેપાર ૧૦૦ અબજ અમેરિકી ડોલર સુધી પહોંચાડવા તેમજ સંરક્ષણ, ઊર્જા અને મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રમાં સહયોગ વધારવા પર પણ ભાર મૂકાયો હતો. પશ્ચિમ એશિયા અને કાળા સમુદ્ર ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષોની દરિયાઈ વેપાર તથા ભારતીય




ખલાસીઓની સલામતી પર થતી અસરો અંગે પણ બંને નેતાઓએ ચર્ચા કરી હતી.

યુક્રેન સંઘર્ષ અંગે વડાપ્રધાન મોદીએ ભારતનું વલણ ફરી સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે સંઘર્ષોનો ઉકેલ વાતચીત અને રાજદ્વારી માધ્યમથી જ શક્ય છે. તેમણે શાંતિ સ્થાપવાના પ્રયાસોમાં ભારતની સહાયની ઓફર કરી હતી અને યુક્રેન સંઘર્ષનો અંત લાવવાના પ્રયાસોમાં ભારત સહયોગ કરવા તૈયાર હોવાનું જણાવ્યું હતું.


દ્વિપક્ષીય બેઠક બાદ વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ પુતિને ભારતમાં પ્રથમ વખત યોજાયેલા 'ઈનોપ્રોમ ઈન્ડિયા' પ્રદર્શનની મુલાકાત લીધી હતી. બંને નેતાઓએ પ્રદર્શનમાં ભાગ લેનારા સહભાગીઓ સાથે વાતચીત કરી હતી. બંને પક્ષોએ નોંધ્યું હતું કે આવા કાર્યક્રમો ભારત અને રશિયા વચ્ચે વેપાર તથા ઔદ્યોગિક સંબંધોને વધુ વિસ્તૃત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. પ્રદર્શનમાં બંને દેશોની કંપનીઓ વચ્ચે સહયોગ અને નવી વ્યાપારિક તકો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

અગાઉ, પુતિનનું વિમાન આજે સવારે ૩ વાગ્યે પાલમ એરફોર્સ સ્ટેશન પર પહોંચ્યું હતું. ૧૧ બ્રિક્સ સભ્ય દેશોની સાથે ૧૨ અન્ય દેશોને પણ સમિટ માટે આમંત્રણ મોકલવામાં આવ્યા છે અને તેમના પ્રતિનિધિઓ સમિટ માટે દિલ્હી આવી રહ્યા છે. બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે જે દેશોના નેતાઓ આવી રહ્યા છે તેની યાદી બહાર પાડવામાં આવી છે.દ્વિપક્ષીય બેઠક પછી, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારત મંડપમ ખાતે યોજાઈ રહેલા પ્રદર્શન માટે એક જ કારમાં રવાના થયા.

# વેલ્લોરમાં નિર્માણાધીન ચર્ચની છત ધરાશાયી થતા ત્રણ કામદારોનાં મોત

ચેન્નાઈ, તા.૧૧

તમિલનાડુના વેલ્લોર જિલ્લામાં નિર્માણાધીન ચર્ચની છત તૂટી પડતાં ત્રણ કામદારોનાં મોત થયા હતા અને ૧૧ કામદારો ઘાયલ થયા હતા. કટપડી નજીક મંડી કૃષ્ણપુરમમાં ચર્ચ ઓફ સાઉથ ઈન્ડિયા ઈમારતનું બાંધકામ ચાલી રહ્યું હતું. છત પર કોંક્રિટનું કામ ચાલી રહ્યું હતું ત્યારે અંદાજે ૨૦ ફૂટ ઊંચું સ્ટીલનું સ્કેફોલ્ડિંગ અને સપોર્ટ સ્ટ્રક્ચર અચાનક તૂટી પડ્યું હતું. જેના કારણે કામદારો કોંક્રિટ અને ઈંટોના કાટમાળ



નીચે દટાઈ ગયા હતા.


અકસ્માતની જાણ થતાં જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ, ફાયર સર્વિસ અને અરક્કોનમ સ્થિત એનડીઆરએફની ટીમે સ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘાયલ ૧૧ કામદારોને એમ્બ્યુલન્સ મારફતે વેલ્લોર સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલ, ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ હોસ્પિટલ તથા આંધ્રપ્રદેશના ચિત્તૂરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વેલ્લોર જિલ્લા કલેક્ટર પી.એસ. લીલા એલેક્સે સ્થળે પહોંચી બચાવ કામગીરીનું સંકલન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ઓછામાં ઓછા આઠ ઘાયલ કામદારોની હાલત સ્થિર છે.

અકસ્માતના કારણોની તપાસ માટે સમિતિ રચવાના આદેશ આપવામાં આવ્યા છે. તપાસમાં ચર્ચના બાંધકામ માટે જરૂરી મંજૂરીઓ અને બિલ્ડિંગ પરમિટ લેવામાં આવ્યા હતા કે નહીં તેની પણ તપાસ કરવામાં આવશે.

# બ્રિક્સ મુદ્દે કોંગ્રેસમાં મતભેદો, ચિદમ્બરમે સવાલ ઉઠાવ્યા તો થરૂરે મહત્વ સમજાવ્યું

નવીદિલ્હી, તા.૧૧

બ્રિક્સ અંગે કોંગ્રેસમાં અલગ-અલગ મંતવ્યો સામે આવ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે છેલ્લા બે-ત્રણ બ્રિક્સ સમિટથી ભારતને કેટલો મૂર્ત લાભ મળ્યો તે અંગે સવાલ ઉઠાવ્યો છે. બીજી તરફ, સાંસદ શશિ થરૂરે બ્રિક્સના વૈશ્વિક મહત્વ અને ભારતને મળતા રાજદ્વારી લાભો પર ભાર મૂક્યો છે. દિલ્હીમાં યોજાનારી બ્રિક્સ સમિટ પૂર્વે થરૂરે જણાવ્યું હતું કે ગ્લોબલ સાઉથના વિકાસશીલ દેશો માટે બ્રિક્સ મહત્વનું મંચ



છે. ૧૧ બ્રિક્સ દેશો વિશ્વની મોટી વસ્તી અને વૈશ્વિક જીડીપીના આશરે ૪૧ ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે. તેમના મતે, ભારતમાં આટલા દેશોના ટોચના નેતાઓની હાજરી ભારતની રાજદ્વારી પહોંચ દર્શાવે છે.

જોકે, થરૂરે બ્રિક્સ સામેના પડકારો પણ ગણાવ્યા હતા. સભ્ય દેશો વચ્ચે વૈશ્વિક મુદ્દાઓ પર સર્વસંમતિ બનાવવી મુશ્કેલ હોવાનું તેમણે જણાવ્યું હતું. ઈરાન-ઈઝરાયલ સંઘર્ષ અને રશિયા-યુક્રેન યુધ્ધ જેવા મુદ્દાઓ પર મતભેદો જોવા મળ્યા છે. મે મહિનામાં નવીદિલ્હીમાં બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં સંયુક્ત નિવેદન પર સહમતી ન થતાં ભારતે ચેર ડિક્લેરેશન જાહેર કર્યું હતું. થરૂરે બ્રિક્સ દેશો સાથેના વેપારમાં ભારતના વધતા વેપાર ખાધ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. ભારતની નિકાસ ઘટી રહી છે, જ્યારે આયાત વધી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું.

બીજી તરફ, ચિદમ્બરમે બ્રિક્સ ઉપરાંત એસસીઓ, જી-૨૦ અને ક્વાડ જેવા અનેક મંચોમાં ભારતની ભાગીદારીનો ઉલ્લેખ કરી છેલ્લા બે-ત્રણ સમિટથી કોઈ નોંધપાત્ર નક્કર પરિણામ મળ્યું ન હોવાનું કહ્યું હતું. બ્રિક્સ સમિટ ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે ભારતમાં યોજાવાની છે.


### નાગપુર-રાયપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પિંપળગાંવ રોડ નજીક અકસ્માત, ત્રણ ઘાયલ

# ભંડારામાં ટ્રક-પિકઅપ વાનની ટક્કરમાં ત્રણ બાળકો સહિત આઠનાં મોત

મુંબઈ, તા.૧૧

મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં શુક્રવારે સવારે ટ્રક અને પિકઅપ વાન વચ્ચે થયેલા ભયાનક અકસ્માતમાં ત્રણ બાળકો સહિત આઠ લોકોનાં મોત નીપજ્યાં છે. અકસ્માતમાં ત્રણ લોકો ઘાયલ થતાં તેમને સાકોલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ નાગપુર-રાયપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર



પિંપળગાંવ રોડ વિસ્તારમાં ભાઉ ધાબા નજીક ટ્રક અને પિકઅપ વાન વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે વાનમાં સવાર આઠ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘાયલોને હોસ્પિટલ ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.

ભંડારા જિલ્લા પોલીસ અધિક્ષક નૂરુલ હસને અકસ્માતની પુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે ઘટનામાં ત્રણ બાળકો સહિત આઠ લોકોનાં મોત થયાં છે, જ્યારે અન્ય ત્રણ ઘાયલોની સારવાર ચાલી રહી છે. અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ નાંદેડ-ભોકર હાઈવે પર પણ ટ્રક અને વાન વચ્ચેની ટક્કરમાં છ લોકોનાં મોત થયાં હતાં અને આઠ લોકો ઘાયલ થયા હતા.

ગયા ગુરુવારે સાંજે લગભગ ૬:૩૦ વાગ્યે નાંદેડ-ભોકર હાઈવે પર વાકડ ગામ નજીક આ અકસ્માત થયો હતો. ટક્કરમાં વાન ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. તેનો આગળનો ભાગ ગંભીર રીતે કચડી ગયો હતો અને ડ્રાઈવર કેબિનમાં ફસાઈ ગયો હતો.

# યુપીમાં આયુર્વેદ ઈન્ટર્નનું સ્ટાઈપેન્ડ વધારવા વિરોધ

લખનૌ, તા.૧૧


ઉત્તર પ્રદેશમાં આયુર્વેદ ઈન્ટર્ન વિદ્યાર્થીઓએ સ્ટાઈપેન્ડ વધારવાની માંગ સાથે હઝરતગંજ ખાતે ગાંધી પ્રતિમા પાસે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓએ વર્તમાન રૂ. ૭,૫૦૦ સ્ટાઈપેન્ડ વધારી રૂ. ૨૫,૦૦૦ કરવાની માંગ કરી હતી.

વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૧થી સ્ટાઈપેન્ડમાં વધારો થયો નથી, જ્યારે એમબીબીએસ અને બીડીએસ ઈન્ટર્નના સ્ટાઈપેન્ડમાં વધારો થયો છે. અભ્યાસ ઉપરાંત દર્દીઓની સંભાળ અને હોસ્પિટલની કામગીરીની ફરજો બજાવતા હોવા છતાં ઓછું સ્ટાઈપેન્ડ મળતું હોવાનો વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો. વરસાદ વચ્ચે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ સરકાર સમક્ષ તેમની માંગ સ્વીકારવા રજૂઆત કરી હતી.









# ખાંભામાં ખોટી ફરિયાદો દ્વારા નિર્દોષોને ફસાવવાના બે બનાવો સામે આવ્યા

ખાંભા, તા. ૧૧

ખાંભા પંથકમાં ખોટી ફરિયાદો અને નિવેદનો દ્વારા નિર્દોષ નાગરિકોને એટ્રોસિટી એક્ટ હેઠળ ફસાવવાના બે બનાવો સામે આવ્યા છે. પોલીસ અને તપાસ અધિકારીઓની તપાસમાં ખોટી માહિતી આપીને ગુના નોંધાવ્યાનું ખુલતાં સંબંધિત ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પ્રથમ બનાવમાં લલીતભાઈ કાનાભાઈ વાળાએ સરકારી દવાખાનામાં સારવાર દરમિયાન જયસુખભાઈ રામભાઈ સાંખટ વિરુધ્ધ ખોટી વિગતો આપી હતી. તેના આધારે બીએનએસ અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. તપાસ દરમિયાન ગોબરભાઈ કવાડ, હુસૈનભાઈ બાંભણીયા અને દૂધીબેન શિયાળે હિતેશભાઈ કાળુભાઈ શિયાળનું નામ ખોટી રીતે આરોપી તરીકે દર્શાવ્યું હોવાનું સામે આવ્યું હતું. અન્ય બનાવમાં સારવાર હેઠળના એક ઈસમે પીએસઆઈ સમક્ષ દલડીના સિકંદરભાઈ મહમદભાઈ જાડેજા વિરુધ્ધ બદ ઈરાદાપૂર્વક ખોટી માહિતી આપી હતી. જેના આધારે બીએનએસ, જી.પી. એક્ટ અને એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. ઊંડાણપૂર્વકની તપાસમાં બંને કેસમાં નિર્દોષોને જાણીજોઈને સંડોવવાના પ્રયાસો સામે આવતાં પોલીસ દ્વારા કડક કાર્યવાહી શરૂ કરાઈ છે. આ સમગ્ર ઘટનાને પગલે પંથકમાં પોલીસની કાર્યવાહી અંગે ભારે ચર્ચા જાગી છે પણ.

**સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલાએ વિધાનસભામાં પૂછ્યો સવાલ**

# અમરેલી જિલ્લામાં 'વન નેશન વન રેશનકાર્ડ' હેઠળ એક વર્ષમાં પાંચ લાખથી વધુ લોકોએ અનાજનો લાભ મેળવ્યો

અમરેલી, તા.૧૧



કેન્દ્ર સરકારની મહત્ત્વાકાંક્ષી 'વન નેશન વન રેશનકાર્ડ' (ONORC) યોજના હેઠળ અમરેલી જિલ્લામાં નોંધપાત્ર કામગીરી સામે આવી હતી. વિધાનસભા ગૃહમાં રજૂ થયેલી સત્તાવાર માહિતી અનુસાર, અમરેલી જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમિયાન ૫ લાખથી વધુ લાભાર્થીઓએ આ યોજના અંતર્ગત અનાજનો જથ્થો મેળવ્યો હતો. વિધાનસભામાં સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ કાર્યરત ONORC યોજનાની સ્થિતિ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો.

જેના ઉત્તરમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી દ્વારા લેખિત માહિતી આપવામાં આવી હતી.સરકાર દ્વારા રજૂ કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર, તા. ૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષના સમયગાળામાં અમરેલી જિલ્લામાં કુલ ૫,૦૩,૦૨૪ લાભાર્થીઓએ 'વન નેશન વન રેશનકાર્ડ' યોજના હેઠળ રાશન મેળવીને સીધો લાભ લીધો હતો.

# અમરેલી તાલુકામાં ફટાકડા વેચાણના લાયસન્સ માટે ૮ ઓક્ટોબર સુધી અરજી કરી શકાશે

અમરેલી,તા. ૧૧

દિવાળીના તહેવાર નિમિત્તે અમરેલી તાલુકામાં હંગામી ફટાકડા વેચાણ કરવા ઈચ્છુક વેપારીઓએ લાયસન્સ મેળવવા તા. ૮ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરીમાં અરજી કરવાની રહેશે. ફટાકડાના વેચાણ સ્થળે રહેણાંક મકાન તથા અન્ય સ્થળોથી ઓછામાં ઓછું ૫૦ મીટરનું અંતર રાખવાનું રહેશે. સ્ટોલ આસપાસ જ્વલનશીલ પદાર્થો ન રાખવા તથા સુરક્ષાના નિયમોનું પાલન કરવાનું રહેશે. અરજદારે ફોર્મ એ.ઈ.૦૫માં સંપૂર્ણ વિગતો સાથે સ્થળનો નકશો ત્રણ નકલમાં રજૂ કરવાનો રહેશે. અરજી પર રૂ.૩ની કોર્ટ ફી સ્ટેમ્પ તથા રૂ.૯૦૦ની લાયસન્સ ફીની ચલણ નકલ જોડવાની રહેશે. માલિકી અથવા ભાડા હક્કના પુરાવા પણ જોડવાના રહેશે. અધુરી અરજી ધ્યાને લેવાશે નહીં.

# બગસરા સરકારી હોસ્પિટલમાં ડાયાલિસિસ વિભાગ ટેકનિશિયનના અભાવે સંપૂર્ણપણે બંધ

બગસરા,તા. ૧૧

બગસરા સરકારી હોસ્પિટલમાં આશરે દોઢ મહિના પહેલાં જ શરૂ કરાયેલો ડાયાલિસિસ વિભાગ ટેકનિશિયનના અભાવે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. સ્થાનિક કક્ષાએ કિડનીના દર્દીઓને સારવાર મળી રહે તે હેતુથી લોકરજૂઆતો અને આંદોલનની ધમકીઓ બાદ આ સેવા શરૂ કરવામાં આવી હતી. જોકે, ઉદ્ઘાટનના ટૂંક સમયમાં જ ટેકનિશિયન ચાલ્યા જતાં ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓ રઝળી પડ્યા છે.આ ઉપરાંત, હોસ્પિટલમાં ફાર્માસિસ્ટની મહત્વની જગ્યા પણ લાંબા સમયથી ખાલી હોવાથી દવા વિતરણની કામગીરી ખોરવાઈ છે અને સામાન્ય દર્દીઓને ભારે



હાલાકી ભોગવવી પડી રહી છે.સરકારી દવાખાનામાં સુવિધાઓ શરૂ કર્યા બાદ સ્ટાફના અભાવે વિભાગો બિનકાર્યક્ષમ બનતાં સ્થાનિકોમાં ભારે રોષ વ્યાપ્યો છે. દર્દીઓને હવે મોંઘી સારવાર માટે દૂરના શહેરોમાં જવાની ફરજ પડી રહી છે. તંત્ર દ્વારા ત્વરિત ધોરણે ટેકનિશિયન અને ફાર્માસિસ્ટની નિમણૂક કરી સેવાઓ પૂર્વવત કરવાની માંગ ઉઠી છે.

# ખેલ મહાકુંભ-૨૦૨૬ માટે ૨૨ સપ્ટેમ્બર સુધી રજિસ્ટ્રેશન

અમરેલી, તા. ૧૧

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ખેલ મહાકુંભ-૨૦૨૬નું આયોજન કરવામાં આવનાર છે. તેમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓએ તા. ૨૨ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. નિયત વયજૂથના ખેલાડીઓએ વેબસાઈટ પર નોંધણી કરવાની રહેશે. દરેક ખેલાડી વધુમાં વધુ બે રમતોમાં ભાગ લઈ શકશે. અગાઉથી KMK ID ધરાવતા ખેલાડીઓએ જૂની IDથી જ નોંધણી કરાવવાની રહેશે. શાળાના વિદ્યાર્થીઓએ શાળા મારફતે તથા કોલેજના વિદ્યાર્થીઓએ ઓનલાઈન અથવા કોલેજ મારફતે નોંધણી કરાવવાની રહેશે. ૪૦ અને ૫૦ વર્ષથી વધુ વયના તેમજ અભ્યાસ ન કરતા ખેલાડીઓ પણ વયજૂથ મુજબ નોંધણી કરાવી શકશે.

# બગસરામાં 'ભજ ગોવિંદમ' વિષય પર બે દિવસનું સત્સંગ પારાયણ યોજાયું

બગસરા, તા. ૧૧



બીએપીએસ સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે નૂતન મંદિરની જગ્યા પર 'ભજ ગોવિંદમ' વિષયક બે દિવસનું સત્સંગ પારાયણ યોજાયું હતું. નવસારી મંદિરના સંગીતવિદ્યામાં વિશારદ પૂ. કૃષ્ણપ્રિયસ્વામીએ સંગીત અને રમુજ સાથે આદિ શંકરાચાર્યના 'ભજ ગોવિંદમ' પદ પર મનનીય કથા કરી હતી. પારાયણમાં સરેરાશ ૬૫૦ હરિભક્તોએ લાભ લીધો હતો. અંતે ફરાળી અલ્પાહારનો પ્રસાદ અપાયો હતો. ધારી મંદિરના સંતોના માર્ગદર્શન તથા બગસરા સત્સંગ મંડળના કાર્યકરો અને હરિભક્તોના સહકારથી આયોજન સફળ રહ્યું હતું.

# સ્વસ્થ ગુજરાત-મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત ઓનલાઈન યોગ વેબિનાર

અમરેલી, તા. ૧૧

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ અંગે જનજાગૃતિ વધારવા અને લોકોને યોગ સાથે જોડવાના હેતુથી તા. ૧૬ સપ્ટેમ્બરે બપોરે ૨:૩૦થી ૩:૩૦ કલાક સુધી ઓનલાઈન યોગ વેબિનાર યોજવામાં આવશે. રાજ્ય સરકારના સ્વસ્થ ગુજરાત-મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત આ કાર્યક્રમ યોજાશે. વેબિનારમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, બાળકો, યોગ પ્રશિક્ષકો, કોચ તથા યોગપ્રેમીઓ ભાગ લઈ શકશે. નોંધાયેલા સહભાગીઓને ડિજિટલ પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. વેબિનારમાં યોગના વૈજ્ઞાનિક તથા વ્યવહારુ પાસાઓ અને દૈનિક જીવનમાં તેના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. વેબિનારમાં જોડાવા ઈચ્છુકોએ ઓનલાઈન લિંક મારફતે નોંધણી કરાવવાની રહેશે. વધુ માહિતી માટે સાગર મહેતા મો. ૯૦૩૩૩ ૧૬૮૪૧ પર સંપર્ક કરી શકાશે.

# લીલીયાના પાંચતલાવડા ગામે પોલીસનો લોકદરબાર યોજાયો

લીલીયા, તા.૧૧



પાંચતલાવડા ગામે નાયબ પોલીસ અધિક્ષક વિરલ ચંદનના અધ્યક્ષસ્થાને લોકદરબાર યોજાયો હતો. જેમાં સરપંચ, ગ્રામજનો અને પોલીસ અધિકારીઓએ કાયદો-વ્યવસ્થાને લગતા વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરી હતી. ટ્રાફિક નિયમો, જુગાર-દારૂ, વ્યાજખોરી તથા સાયબર ક્રાઈમ અંગે ગ્રામજનોને જાગૃત કરાયા હતા. તેમજ A S K એપ્લિકેશન, ૧૮૧ અને ૧૧૨ હેલ્પલાઈન અંગે માહિતી આપી હતી. અસામાજિક તત્વો અંગે પોલીસને ખાનગી રીતે જાણ કરવા અપીલ કરાઈ હતી. આ પ્રસંગે સરપંચ ધીરુભાઈ ખુમાણ સહિત આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા લોકમેળામાં ડ્રોમાં કાર જીતનાર ગરીબ પરિવારને કારના બદલે રૂ. ૫.૪૦ લાખ રોકડા અપાયા

રાજુલા, તા.૧૧



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં 'રુદ્ર ગણ ગ્રુપ' દ્વારા આયોજિત લોકમેળાનો ઈનામી ડ્રો એક ગરીબ પરિવાર માટે સંવેદના અને ખુશીનો અવસર બન્યો છે. મેળાના પ્રથમ ઈનામ તરીકે રાખવામાં આવેલી 'ટાટા પંચ' કારના વિજેતા તરીકે આર્થિક રીતે નબળા પરિવારના કાજલબેન લાલજીભાઈ રાઠોડ જાહેર થયા હતા.પરિવારને પોતાનું મકાન ખરીદવું હોવાથી તેમણે કારના બદલે રોકડ રકમ મેળવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ લાગણીને ધ્યાને રાખીને આયોજકોએ માનવતા દાખવી કારના બદલે રૂ.૫,૪૦,૦૦૦નો ચેક અર્પણ કર્યો હતો.લોકમેળાની કમાણી સેવાકીય પ્રવૃત્તિઓમાં વાપરતા રુદ્ર ગણ ગ્રુપના આ નિર્ણયથી પરિવાર ભાવુક બન્યો હતો અને આયોજકોનો આભાર માન્યો હતો. આ ઘટનાએ સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# બાબરા તાલુકામાં વરસાદના અભાવે દુષ્કાળ જેવા દ્રશ્યો, ખેડૂતો-માલધારીઓ ચિંતામાં

બાબરા, તા.૧૧



અલનીનોની વિપરીત અસરના કારણે બાબરા તાલુકાના નાની કુંડળ, કીડી, શિરવાણીયા અને ઈશ્વરીયા ગામોમાં વરસાદના અભાવે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે. કુદરતી વરસાદ પર નિર્ભર આ ગામોમાં નહિવત વરસાદ પડતાં નદી-નાળામાં પાણીનો પ્રવાહ જોવા મળ્યો નથી. વરસાદ ખેંચાતા કુવા અને રીંગ બોરના તળિયા દેખાવા લાગ્યા છે. પાણીના અભાવે કપાસ, મગફળી અને સોયાબીન જેવા પાક સુકાવા લાગતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. સિંચાઈ માટે કેનાલ કે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા ન હોવાથી ખેડૂતોની મુશ્કેલી વધી છે. બીજી તરફ સીમ વિસ્તારમાં ઘાસચારો અને પીવાના પાણીની તંગીથી માલધારીઓ પણ પરેશાન છે. નારણભાઈ ભાલીયાના અહેવાલ મુજબ, અસરગ્રસ્ત ગામોમાં તાત્કાલિક સર્વે કરાવી ખેડૂતોને સહાય, પશુઓ માટે ઘાસચારા ડેપો અને પીવાના પાણીની વ્યવસ્થા કરવાની માંગ ઉઠી છે.







**બુટલેગરો પોલીસને હપ્તા (સેક્શન) આપતા હોવાના ગંભીર આક્ષેપો**

# નાજાપુર ગામે મહિલાઓએ જનતા રેડ કરી દારૂ પકડ્યો

અમરેલી,તા.૧૧

મહાત્મા ગાંધીજીના જન્મસ્થળ ગુજરાતમાં કાયદાકીય રીતે સંપૂર્ણ દારૂબંધી છે, પરંતુ તેની અમલવારી માત્ર કાગળ પર જ રહેતી હોય તેવી સ્થિતિ સતત સામે આવી રહી છે. તાજેતરમાં ભાવનગર વિસ્તારમાં બનાવટી ઈંગ્લિશ દારૂના કારણે લોકોના મોત નીપજ્યા હતા અને અનેક પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દીધા. આટલી મોટી દુર્ઘટના છતાં ભાવનગર રેન્જ હેઠળ આવતા અમરેલી જિલ્લામાં દારૂબંધીની અમલવારીમાં કોઈ કડક પગલાં દેખાતા નથી. અમરેલી જિલ્લાના વડિયા કુંકાવાવ તાલુકામાં આવેલા નાજાપુર ગામમાં દારૂના દૂષણને કારણે યુવાધન અને પરિવારો બરબાદ થઈ રહ્યા છે. સ્થાનિક મહિલાઓનો આક્રોશ ચરમસીમાએ પહોંચતાં તેમણે સળંગ બે દિવસ સુધી





દારૂના અડ્ડાઓ પર 'જનતા રેડ' કરી હતી. સ્થાનિકોએ ૧૧૨ નંબર પર કૉલ કરીને પોલીસને જાણ કરી હતી, પરંતુ સ્થાનિક પોલીસને ઘટનાસ્થળેથી દારૂનો કોઈ જથ્થો મળ્યો નહોતો. તે જ સ્થળેથી રોષે ભરાયેલી મહિલાઓ અને બાળકોએ જાતે દારૂ શોધી કાઢ્યો હતો. આ જનતા રેડના વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર અમરેલી જિલ્લા પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વાયરલ વિડીયોમાં મહિલાઓ પોતાની વેદના ઠાલવતા જણાવે છે કે પુરુષો સવારથી જ દારૂના નશામાં રહે છે, અને મહેનત-મજૂરીના નાણાં આ બદી પાછળ હોમાઈ રહ્યા છે. વિડીયોમાં બુટલેગરો હપ્તા આપતા હોવાના આક્ષેપો પણ સાંભળવા મળે છે. આ ઘટના પરથી સવાલ થાય છે કે શું માત્ર નાજાપુરમાં જ આ ખેલ ચાલે છે કે પછી પોલીસની છત્રછાયા હેઠળ સમગ્ર વિસ્તારમાં વેપલો ધમધમે છે? જો તંત્ર આ બાબતે ત્વરિત અને કડક કાર્યવાહી નહીં કરે, તો દેશી દારૂના કારણે મોટી હોનારત થવાની શક્યતા નકારી શકાય નહીં. પોલીસ તાત્કાલિક ધોરણે સમગ્ર વિસ્તારમાં બુટલેગરો સામે કડક ઝુંબેશ ચલાવે તે અત્યંત જરૂરી બન્યું છે.

## બાબરાના મોટા દેવળિયા ગામે પ્રેમલગ્નની અદાવતમાં ધમકીથી કંટાળી યુવકનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

બાબરા, તા.૧૧

બાબરા તાલુકાના મોટા દેવળિયા ગામે પ્રેમલગ્ન બાબતે સતત મળતી ધમકીઓથી ત્રાસી જઈને એક પરિણીત યુવકે ઝેરી દવા ગટગટાવી લેતાં ચકચાર મચી જવા પામી છે.આ અંગે ચીમનભાઈ મનુભાઈ મારુ (ઉ.વ.૨૬)એ જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ જગદીશભાઈએ રાંદલના દડવા ગામના સતીષભાઈ લાભશંકરભાઈ રાજ્યગુરુની પુત્રી સાથે ભાગીને પ્રેમલગ્ન કર્યા હતા. બંનેએ પોતાની મરજીથી સંસાર માંડ્યો હતો, પરંતુ આ લગ્નથી યુવતીના પિતા સતીષભાઈ નારાજ હતા અને તેમને આ સંબંધ સ્વીકાર્ય નહોતો.પ્રેમલગ્નની નારાજગીને પગલે યુવતીના પિતા સતીષભાઈ અવારનવાર તેમના ભાઈ જગદીશભાઈને ફોન કરી ધમકીઓ આપતા હતા. સતત અપાતી ધમકીઓ અને માનસિક ત્રાસથી કંટાળીને તેમના ભાઈએ ઝેરી દવા પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો.

## અમરેલી કમાણી કોલેજમાં સ્તન કેન્સર જાગૃતિ સેમિનાર યોજાયો

અમરેલી તા. ૧૧

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કોલેજ ખાતે બહેનો માટે સ્તન કેન્સર અંગે જાગૃતિ સેમિનાર યોજાયો હતો. Cancer Awareness Program અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં "Educational Awareness of Breast



Cancer – Screening and Early Diagnosis" વિષય પર માર્ગદર્શન અપાયું હતું. ડૉ. સ્નેહલ વસૈયા અને ડૉ. ઉર્વશી સુરાણી દ્વારા સ્તન કેન્સરના કારણો, જોખમી પરિબળો, પ્રારંભિક લક્ષણો, સ્ક્રિનિંગ તથા વહેલા નિદાનનું મહત્વ સમજાવાયું હતું. ગાંઠ, કદ-આકારમાં ફેરફાર અને ત્વચામાં થતા ફેરફારો અંગે પણ માહિતી અપાઈ હતી. ડૉ. તૃષા કનસાગરાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા સેમિનારમાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ સ્ટાફ તથા BCA અને બાયોલોજી વિભાગે સહયોગ આપ્યો હતો.

## શ્રાવણ શિવરાત્રીએ પાર્થિવ શિવલિંગ મહાપૂજન યોજાયું

સાવરકુંડલા તા. ૧૧



પવિત્ર શ્રાવણ માસની શિવરાત્રીએ આનંદેશ્વર મહાદેવની કૃપાથી ગુરુદેવ સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમ પરિવાર દ્વારા પાર્થિવ શિવલિંગ મહાપૂજનનું ભવ્ય આયોજન કરાયું હતું. તા. ૯ સપ્ટેમ્બરે સાંજે ૭ વાગ્યાથી શરૂ થયેલ કાર્યક્રમમાં ચાર પ્રહર દરમિયાન રાત્રી સુધી વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી હતી. સ્વામી ભોલાનંદ ગુરુજી દ્વારા લાઈવ પ્રસારણથી મહાપૂજનની વિધિ કરાવવામાં આવી હતી. ભાવિકો માટે બેઠક તેમજ ફલાહાર અને ભોજન પ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી. મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

## બગસરા તાલુકામાં એક મહિનાથી વરસાદ ન થતા ખેડુતો પરેશાન

બગસરા તા. ૧૧

બગસરા પંથકમાં એક મહિનાથી વધુ સમયથી વરસાદ ન પડતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. વરસાદના અભાવે મોલાદ મુરજાવા લાગી છે, જ્યારે પાકમાં ઈયળનો ઉપદ્રવ વધતાં ખેડૂતો પર વધુ આફત આવી છે. લાખો રૂપિયાનો ખર્ચ કરી ખેડૂતો પાક બચાવવા



પ્રયત્ન કરી રહ્યા છે. ખેડૂત હર્ષદભાઈ બામટાએ સરકાર પાસે તાત્કાલિક સર્વે કરી રાહત પેકેજ આપવાની માંગ કરી છે. બગસરા પંથકમાં મગફળીનું ૧૨૦૫૯ હેક્ટર, કપાસનું ૯૭૭૦ હેક્ટર અને સોયાબીનનું ૯૧૪૦ હેક્ટરમાં વાવેતર થયું છે. વરસાદ નહીં પડે તો પાક નિષ્ફળ જવાની દહેશત છે. મૂંઝાયાસર ડેમમાંથી કેનાલ વાટે પાણી આપવા તેમજ સૌની યોજના હેઠળ ડેમ ભરવાની પણ ખેડૂતો માંગ કરી રહ્યા છે

## લાઠીની પરિણીતા પર જામનગરમાં સાસરિયાંએ સિતમ ગુજાર્યો

**પિયર મૂકી ગયા બાદ તેડવા ન આવ્યા**

લાઠી, તા.૧૧

લાઠીની પરિણીતા પર જામનગરમાં સાસરિયાંએ સિતમ ગુજાર્યો હતો, તેમજ પિયર મૂકી ગયા બાદ તેડવા આવ્યા નહોતા. બનાવ સંદર્ભે હાલ લાઠી ખાતે રહેતાં મેવિશાબેન મહેબુબભાઈ મલેક (ઉ.વ.૨૩) એ જામનગરમાં રહેતા અસ્લમભાઈ અલારખભાઈ સેતા, અલારખભાઈ કમાલભાઈ સેતા, રજીયાબેન અલારખભાઈ સેતા અને સાહિલભાઈ અલારખભાઈ સેતા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેના પતિ તેમજ સાસુ, સસરા તથા દિયર ઘરકામ અને કરિયાવર બાબતે અવારનવાર મેણાં-ટોણા મારી, ગાળો આપી, મારકૂટ કરી શારીરિક-માનસિક દુઃખ-ત્રાસ આપતા હતા અને પિયર મૂકી ગયા બાદ આજદિન સુધી તેડવા આવ્યા નહોતા. બનાવ અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## ચલાલા ભીમનાથ મહાદેવ મંદિરમાં ભક્તોની ભીડ ઉમટી

ચલાલા,તા.૧૧

ચલાલા તીર્થભુમિ તરીકે ઓળખાય છે અહિંયા પિલુડીના વૃક્ષ નિચે ભીમનાથ મહાદેવ બિરાજમાન છે. અજ્ઞાતવાસ દરમ્યાન પાંડવો અહિંયા આવ્યા હતા અને ભીમે સ્વયંભુ શિવલિંગ શોધીનેં પુજા કરી હતી. મંદિરમાં ચાર શિવલિંગો આવેલા છે અને આજુબાજુ પાર્વતીજી, ગણપતિ, હનુમાનજી તથા કાલભૈરવના પણ



મંદિરો છે. ઉત્તર દિશામા સંત ઉદયગિરીબાપુની સમાધિ પણ આવેલી છે. શ્રાવન માસમા અહિં બહુ જ ભાવિકો આવે છે.

## અમરેલીની માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે NCC કેડેટ્સ માટે 'હેલ્ધી લાઈફ સ્ટાઈલ' પર વ્યાખ્યાન યોજાયું

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ NCC વિભાગ દ્વારા કેડેટ્સ માટે 'હેલ્ધી લાઈફ સ્ટાઈલ' અંગે વ્યાખ્યાન યોજાયું હતું. પ્રો. ભૂષણ જોશી અને એ.એન.ઓ. લેફ્ટનન્ટ મનીષા સગાઠીયાએ



કેડેટ્સને સંતુલિત આહાર, નિયમિત કસરત, પૂરતી ઊંઘ, સ્વચ્છતા, સકારાત્મક વિચારસરણી અને શિસ્તબધ્ધ જીવનશૈલી વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે કેડેટ્સને સમાજસેવા કરવા અને લોકોમાં જાગૃતિ ફેલાવવા પ્રેરણા આપી હતી. ઈન્ચાર્જ આચાર્યા ડૉ. વિલાસબેન સોરઠિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ૪૮ NCC કેડેટ્સે ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે તમામ કેડેટ્સે સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો.












# બગસરામાં વેપારીઓ સાથે છેતરપિંડી કરનાર શાતિર મહાઠગ ઝડપાયો

બગસરા તા. ૧૧

બગસરા શહેરમાં અલગ અલગ વેપારીઓ સાથે છેતરપિંડી કરી માલ લઈ ફરાર થયેલા અમદાવાદના પ્રણવભાઈ પ્રવીણભાઈ સોની ઉં.૫૫ને બગસરા પોલીસે ઝડપી પાડયો છે. આરોપીએ ચેકથી પેમેન્ટ કરવાનું કહી રૂ.૪.૦૬ લાખનો માલ મેળવ્યા બાદ પેમેન્ટ નહીં આપી ફરાર થઈ ગયો હતો. બગસરા પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે. ગોલવેલકરની રાહબરી હેઠળ સર્વેલન્સ ટીમે હ્યુમન સોર્સ તથા ટેક્નિકલ સોર્સની મદદથી આરોપીને ઝડપી લીધો હતો. પોલીસે તેની પાસેથી પ્લાયવુડના ૪૦ પાટીયા, વાયરના ૫૦ બંડલ, પ્રાઈમર, ફેવીકોલ અને મોબાઈલ મળી કુલ રૂ.૨,૮૧,૯૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી અગાઉ ખેડા, મહેસાણા અને સુરેન્દ્રનગર જિલ્લામાં પણ છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.



તસવીર : હાર્દિક બામટા

# નવરચિત સહકારી મંડળીઓના સદસ્યો માટે બે દિવસીય પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા. ૧૧

અમરેલી જિલ્લા સહકારી સંઘના સૌજન્યથી જિલ્લા રજીસ્ટ્રાર કચેરી તથા ઉદયભાનસિંહજી રીજીયોનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે નવરચિત સહકારી મંડળીઓના સદસ્યો માટે બે દિવસીય પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનિષ સંઘાણીની અધ્યક્ષતામાં કાર્યક્રમનો શુભારંભ થયો હતો. મનિષ સંઘાણીએ 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પ સાથે સહકારી પ્રવૃત્તિઓ, નવી પરિયોજનાઓ, ટેકનોલોજી અને પારદર્શિતા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા રજીસ્ટ્રાર રમેશભાઈ અણિયાળિયા, APMC સેક્રેટરી તુષારભાઈ તથા ભાર્ગવ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ સહકારી મંડળીઓના સદસ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




# બાઈક પુલ પરથી ખાળિયામાં ખાબકતાં ગોપાલગ્રામના પુરુષનું કરૂણ મોત

ચલાલા, તા.૧૧

ચલાલાથી ગોપાલગ્રામ તરફ જતા રોડ ઉપર એક બાઈક પુલ પરથી ખાળિયામાં ખાબકતાં ગોપાલગ્રામના પુરુષનું કરૂણ મોત થયું હતું. બનાવ સંદર્ભે હરેશભાઈ ભોજભાઈ વાળા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, ભૂપતભાઈ ઘોહાભાઈ વાળા (ઉ.વ.૫૫) મોટરસાયકલ લઈને ચલાલાથી ગોપાલગ્રામ પોતાના ઘરે જતા હતા, તે દરમિયાન મોટરસાયકલ પરનો કાબૂ ગુમાવી દેતાં રોડ પરના પુલ પરથી નીચે ખાળિયામાં પડી ગયા હતા. જેના કારણે માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું મોત નીપજ્યું હતું. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ માધવજીભાઈ લક્ષ્મણભાઈ ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીમાં વધુ પડતી દવાની ગોળીઓ ગળી જતાં યુવકની હાલત ગંભીર

**સારવાર અર્થે ભાવનગર ખસેડાયો**

ધારી, તા.૧૧

ધારીમાં કમરના દુખાવાની સારવાર લઈ રહેલા અને માનસિક અસ્વસ્થતા અનુભવી રહેલા એક યુવકે પેરાસિટામોલ દવાના ચારેક પેકેટ એકસાથે ગળી લેતાં ગંભીર હાલતમાં તેને સારવાર અર્થે ભાવનગર ખસેડવામાં આવ્યો હતો.મળતી વિગતો અનુસાર, ભોગ બનનાર યુવકને અગાઉ રોજિંદા દારૂ પીવાની ટેવ હતી. જોકે, છેલ્લા ઘણા સમયથી તેણે દારૂ પીવાનું સંપૂર્ણ બંધ કરી દીધું હતું અને સાથે જ તેને કમરના દુખાવાની દવા પણ ચાલુ હતી. દારૂ છોડ્યા બાદ છેલ્લા કેટલાક દિવસોથી તેના વર્તનમાં અસામાન્ય ફેરફાર જોવા મળ્યો હતો અને તે ઘરે માનસિક સંતુલન ગુમાવી બેઠો હોય તેવું વિચિત્ર વર્તન કરી રહ્યો હતો.દરમિયાન, ગત તારીખ ૮ સપ્ટેમ્બરના રોજ સવારે આશરે સાતેક વાગ્યાના અરસામાં યુવકે પોતાના ઘરે અગમ્ય કારણોસર પેરાસિટામોલ દવાના ચારેક પેકેટ એકીસાથે ગટગટાવી લીધા હતા. મોટી માત્રામાં દવા પી જવાના કારણે તે પોતાના ઘરમાં જ બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો તેમજ સાહેદ રામુબેન તેને તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ ધારી સરકારી દવાખાને ખસેડ્યો હતો. ત્યાંથી પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમરેલી અને ત્યારબાદ તબિયત નાજુક જણાતાં તેને ભાવનગર રીફર કરવામાં આવ્યો હતો.

# દામનગરમાં વ્યાજે આપેલા રૂપિયાની ઉઘરાણી કરી જાનથી મારવાની ધમકી આપી

દામનગર, તા. ૧૧

દામનગરમાં વ્યાજે આપેલા રૂપિયાની ઉઘરાણી કરી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે વજુભાઈ કેશુભાઈ ચારોલા (ઉ.વ.૪૫) એ કાળુભાઈ ધીરૂભાઈ વાઘેલા, મુનાભાઈ ધીરૂભાઈ વાઘેલા તથા અજયભાઈ ધીરૂભાઈ વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની પાસે આવી આરોપી કાળુભાઈ વાઘેલાએ વ્યાજે આપેલ રૂ. ૧,૦૦,૦૦૦ની વ્યાજ સહિતની ઉઘરાણી કરી હતી. તેમજ તેમને તથા સાહેદને ભૂંડા બોલી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં ૨૮મા વરસે ભવ્ય પાલખીયાત્રા નિકળી

સાવરકુંડલા,તા.૧૧

સાવરકુંડલામાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં ભવ્ય શિવ પાલખી યાત્રા યોજાઈ હતી. છેલ્લા ૨૮ વર્ષથી રુદ્ર ગણ દ્વારા શ્રાવણ માસ દરમિયાન અખંડ ધૂન મંડળનું આયોજન કરવામાં આવે છે. તેના ભાગરૂપે પાલખી યાત્રા નગરના મુખ્ય માર્ગો પર ફરી હતી. યાત્રામાં નાના બાળકોએ ભસ્મ તિલક કરી શિવજી, નંદી અને હનુમાનજી સહિત વિવિધ પાત્રોની વેશભૂષા ધારણ કરી હતી. માર્ગો પર ભાવિકોએ પાલખીનું પૂજન-આરતી કરી સ્વાગત કર્યું હતું. 'હર હર મહાદેવ'ના નાદથી સમગ્ર નગર શિવમય બન્યું હતું અને મોટી સંખ્યામાં નગરજનો તથા શિવભક્તો જોડાયા હતા.


તસવીર : સૌરભ દોશી

# 'તમો અહીં રસ્તો નહીં બનાવતા, આ રસ્તો અમારો છે' કહી ગાળો આપી

**અમરેલીના લાલાવદર ગામે ઘટના બની**

અમરેલી, તા.૧૧

અમરેલીના લાલાવદર ગામે 'તમો અહીં રસ્તો નહીં બનાવતા, આ રસ્તો અમારો છે' કહી ગાળો આપવાની ઘટના બની હતી. બનાવ સંદર્ભે મનસુખભાઈ રવજીભાઈ જોગાણી (ઉ.વ.૫૫) એ સલડી ગામના મનસુખભાઈ મગનભાઈ વામજા અને જયસુખભાઈ વામજા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની વાડીના ખેતરે શેડનું બાંધકામ કરાવતા હતા, તે સમયે આરોપીઓએ ત્યાં આવીને 'તમો અહીં રસ્તો નહીં બનાવતા, આ રસ્તો અમારો છે' તેમ કહી ગાળો આપી હતી. ઉપરાંત, લોખંડના પાઈપ તથા લાકડી વડે માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં પુસ્તક વિમોચન પ્રસંગે લેખિકા દિપાલીબેન પંડયાનું સન્માન

સાવરકુંડલા, તા. ૧૧

કબીર ટેકરી ખાતે 'માનવતાની મહેક-કબીર ટેકરી' પુસ્તકનું વિમોચન યોજાયું હતું. આ પ્રસંગે પુસ્તકમાં બ્રહ્મલીન મહંત રામપ્રતાપ સાહેબની જીવનકથા 'બાતે તિમિર ન ભાજય, દીવા, બત્તી, તેલ' શીર્ષક હેઠળ સંશોધનાત્મક લેખન કરનાર સાવરકુંડલાના યુવા શિક્ષિકા અને લેખિકા દિપાલીબેન ડી. પંડ્યાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મહંત નારણદાસ સાહેબના સાનિધ્યમાં સાહિત્યકારો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં દિપાલીબેનને સાલ ઓઢાડી, સન્માનપત્ર અને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરાયા હતા. દિપાલીબેને જણાવ્યું કે મહંત રામપ્રતાપ સાહેબની જીવનકથા લખવી તેમના માટે માત્ર લેખન નહીં, પરંતુ સાધના હતી. સભાએ તાળીઓના ગડગડાટ સાથે અભિનંદન પાઠવ્યા હતા.



## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ એકમ
તા.૧૨-૦૯-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૦૪,
સૂર્યાસ્ત-૦૬:૩૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પૂવ ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

**તા.૧૨-૦૯-૨૦૨૬ — શનિવાર**

મેષઃ તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે. કેટલાક અટકેલા કામ સાંજના સમયે થવાની સંભાવના છે.

વૃષભઃ આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

મિથુનઃ આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.

કર્કઃ આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

સિંહઃ આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે.

કન્યાઃ આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

તુલાઃ આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિકઃસ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે. મોટા નિર્ણયો કાળજીપૂર્વક લો.

ધનઃઆજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો.

મકરઃઆજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

કુંભઃ આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે.

મીનઃ આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે.

# રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત અમરેલીની આંગણવાડીઓમાં વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ

અમરેલી, તા. ૧૧

રાષ્ટ્રીય પોષણ માસ-૨૦૨૬ અંતર્ગત અમરેલી જિલ્લાના આંગણવાડી કેન્દ્રોમાં વિવિધ પોષણલક્ષી પ્રવૃત્તિઓ યોજાઈ હતી. જેમાં બાળકો, વાલીઓ અને આંગણવાડી કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ ખાદ્ય જૂથો અને પોષણયુક્ત ખાદ્ય સામગ્રીનું પ્રદર્શન કરી અનાજ, કઠોળ, શાકભાજી અને ફળોનો દૈનિક આહારમાં ઉપયોગ અંગે સમજ આપવામાં આવી હતી. સંતુલિત અને વિવિધતાસભર આહારના મહત્વ સાથે સ્વચ્છતા અંગે પણ જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આંગણવાડી કેન્દ્રોમાં સામૂહિક શપથ લેવડાવવામાં આવ્યા હતા. બાળકોને નિયમિત શારીરિક પ્રવૃત્તિ માટે સરળ કસરત અને યોગાભ્યાસ કરાવવામાં આવ્યા હતા. ડિજિટલ માધ્યમથી પણ પોષણ અંગેની માહિતી આપવામાં આવી હતી. પ્રવૃત્તિઓનો હેતુ બાળકો અને વાલીઓમાં પોષણ, સ્વચ્છતા અને તંદુરસ્ત જીવનશૈલી અંગે જાગૃતિ વધારવાનો રહ્યો હતો.



# અમરેલીમાં મેગીના બાકી પૈસા માગતા વેપારીને ફડાકો ઝીંક્યો

**દુકાને આવી જોઈ લેવાની ધમકી આપી**

અમરેલી, તા.૧૧

અમરેલીમાં એક વેપારીએ મેગીના બાકી પૈસા માંગતા તેને ફડાકો ઝીંકવામાં આવ્યો હતો. પ્રિતભાઈ રમેશભાઈ ધોળકીયા (ઉ.વ.૨૨)એ અબુ મકરાણી ઉર્ફે લક્કીભાઈ, કાર્તિક પંડ્યા તથા અનસ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે અનસ પરમાર પાસે મેગીના રૂ.૫૫૦ લેવાના બાકી હતા. જે પૈસાની અવારનવાર ઉઘરાણી કરવા છતાં આપતા નહોતા. આ બાબતનું સારું ન લાગતાં આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો આપી હતી, તેમજ લાફા મારીને જાનથી મારી નાખવાની અને દુકાને આવી જોઈ લેવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ કે. એસ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરમાં પરિણીતાને આપઘાત કરવા મજબૂર કરનારા સાસરિયાં સામે દુષ્પ્રેરણાની ફરિયાદ

**સુસાઈડ નોટ લખી ગળાફાંસો ખાધો**

દામનગર, તા. ૧૧

દામનગરમાં પરિણીતાએ સુસાઈડ નોટ લખી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરિણીતાને આપઘાત કરવા મજબૂર કરનારા સાસરિયાં સામે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાઈ છે.આ બનાવ અંગે ભાવનગરમાં રહેતાં મૃતક પરિણીતાના માતા હંસાબેન સુરેશભાઈ રાઠોડ (ઉં.વ.૪૫)એ ભરતભાઈ ભુપતભાઈ વાઘેલા, ગીતાબેન ભુપતભાઈ વાઘેલા, ભુપતભાઈ કાનજીભાઈ વાઘેલા, હેતલબેન રાહુલભાઈ રાઠોડ તથા રાહુલભાઈ બાબુભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આરોપીઓ તેમની દીકરીને સાસરીમાં ઘરકામ બાબતે મેણાં-ટોણાં મારી માનસિક ત્રાસ આપતા હતા. તેમજ ભરતભાઈ ભુપતભાઈ વાઘેલાની કાનભંભેરણી કરીને તેમની દીકરીને શારીરિક માર મારી મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી. આરોપીઓના સતત શારીરિક-માનસિક ત્રાસથી કંટાળીને તેમની દીકરીએ સુસાઈડ નોટ લખી ગળાફાંસો ખાઈ લીધો હતો. આમ, આરોપીઓએ તેમની દીકરીને આપઘાત કરવા મજબૂર કરી દુષ્પ્રેરણા આપી હતી.આ મામલે દામનગર પોલીસ સ્ટેશનના પી. આઈ. એન. જી. જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**દામનગર ટાઉનની ઘટના**

# 'તમે મારી પત્નીને શું કામ ઠપકો આપો છો' કહી પ્રૌઢને કુહાડીનો ઘા માર્યો

**ગામ મૂકી જતા રહેવાની ધમકી પણ આપી**

દામનગર, તા.૧૧

દામનગર ટાઉનમાં પાણીના ટાંકા પાસે એક પ્રૌઢને 'તમે મારી પત્નીને શું કામ ઠપકો આપો છો?' કહી કુહાડીનો ઘા માર્યો હતો, તેમજ ગામ મૂકી જતા રહેવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ અંગે ધીરુભાઈ મોહનભાઈ વાઘેલા (ઉં.વ.૭૦) એ વજુભાઈ કેશુભાઈ ચારોલા, હરેશભાઈ કેશુભાઈ ચારોલા, ગભાભાઈ ભીખાભાઈ વાઘેલા તથા ગૌરીબેન લલુભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ વજુભાઈ ચારોલાએ તેમને 'તમે મારી પત્નીને શું કામ ઠપકો આપો છો?' તેમ કહી એકદમ ઉશ્કેરાઈને પોતાની પાસે રહેલી કુહાડીનો એક ઘા માથાના ભાગે મારી ઈજા પહોંચાડી હતી. તમામ આરોપીઓએ ભૂંડા બોલો બોલી ગાળો આપી ગામ મૂકી જતા રહેવાની તેમજ મારી નાખવાની ધમકી આપી ઢીંકા-પાટુનો માર માર્યો હતો. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# ભારતમાં બ્રિક્સ સંમેલન: નવા વિશ્વાસની આશા

ભારત ૧૮મા બ્રિક્સ સંમેલનની અધ્યક્ષતા કરી રહ્યું છે. ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાનારા આ સંમેલનની અધ્યક્ષતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરશે. દસ વર્ષ બાદ ફરી ભારતમાં બ્રિક્સ સંમેલન યોજાઈ રહ્યું હોવાથી દેશ માટે આ ગૌરવની ક્ષણ માનવામાં આવી રહી છે. વિશ્વની નજર પણ આ સંમેલન પર છે. સંમેલનની સૌથી મોટી ચર્ચા ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની ભારત મુલાકાતને લઈને છે. ૨૦૧૯ બાદ તેમનો આ પ્રથમ ભારત પ્રવાસ છે. તે વખતે પ્રધાનમંત્રી મોદી અને શી જિનપિંગ વચ્ચે મહાબલિપુરમમાં અનૌપચારિક મુલાકાત થઈ હતી. હવે લાંબા વિરામ બાદ બંને નેતાઓ ફરી એક જ મંચ પર જોવા મળશે. આ મુલાકાત ભારત-ચીન સંબંધોમાં નવી શરૂઆતની આશા જગાવી રહી છે. આ વર્ષની બ્રિક્સ અધ્યક્ષતાની થીમ "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું માટે નિર્માણ" રાખવામાં આવી છે. આ થીમમાં વિકાસશીલ દેશોને સાથે લઈને ચાલવાની ભારતની ભાવના જોવા મળે છે. "માનવતા પ્રથમ"ના અભિગમ સાથે ભારત ગ્લોબલ સાઉથના દેશોની ચિંતાઓને મંચ પર લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદ લાંબા સમયથી ચાલે છે. જોકે હવે બંને દેશો વચ્ચે સંવાદની પ્રક્રિયા આગળ વધી રહી છે. સૈન્ય સ્તરની વાતચીતો થઈ છે અને કેટલાક વિસ્તારોમાં સૈન્ય પીછેહઠના પગલાં પણ લેવામાં આવ્યા છે. આવા સંજોગોમાં બંને દેશો વચ્ચે વિશ્વાસ વધારવો સૌથી મહત્વપૂર્ણ રહેશે. ટકરાવ કરતાં સંવાદનો માર્ગ બંને દેશો માટે વધુ ફાયદાકારક બની શકે છે. ભારત અને ચીન વિશ્વની મોટી અર્થવ્યવસ્થાઓ છે અને બંને વચ્ચે મોટો વેપાર સંબંધ છે. હવે વેપાર સંતુલન સુધારવા તથા ભારતીય ઉત્પાદનોને ચીનના બજારમાં વધુ તક મળે તેવી આશા છે. ડિજિટલ ચલણના જોડાણ અંગે પણ ચર્ચા થઈ રહી છે. આર્થિક સહકાર વધે તો બંને દેશોના રાજકીય સંબંધોને પણ મજબૂતી મળી શકે છે. રાજકીય અને આર્થિક સંબંધો ઉપરાંત લોકો વચ્ચેના સંબંધો પણ મહત્વના છે. ભારત અને ચીનની સભ્યતાઓ હજારો વર્ષ જૂની છે. બૌદ્ધ ધર્મે બંને દેશોને જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આજે ટેકનોલોજી, શિક્ષણ, સંસ્કૃતિ અને પર્યટનના ક્ષેત્રે સહકાર વધારવાની શક્યતાઓ છે. લોકો વચ્ચે સંપર્ક વધે તો ગેરસમજ દૂર કરવામાં મદદ મળી શકે છે. વિસ્તરેલા બ્રિક્સ જૂથમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા ઉપરાંત ઈજિપ્ત, ઈથિયોપિયા, ઈન્ડોનેશિયા, ઈરાન અને સંયુક્ત આરબ અમીરાત જેવા નવા સભ્યો જોડાયા છે. આ મંચ વિકાસશીલ દેશોનો અવાજ મજબૂત કરવા માટે મહત્વનો બની રહ્યો છે. આબોહવા પરિવર્તન, આરોગ્ય, ખાદ્ય સુરક્ષા અને આર્થિક વિકાસ જેવા મુદ્દાઓ પર સહકાર વધારવાની તક મળશે. મોદી અને શી વચ્ચે સીધી વાતચીત થાય તો સરહદ, વેપાર અને દ્વિપક્ષીય સંબંધોના મુદ્દાઓ પર ચર્ચાનો માર્ગ ખુલશે. પડકારો હજુ પણ છે અને વિશ્વાસ ફરી બાંધવામાં સમય લાગશે, પરંતુ સંવાદ માટે મળતી દરેક તક મહત્વપૂર્ણ છે. બ્રિક્સ સંમેલન ભારતને વૈશ્વિક નેતૃત્વ દર્શાવવાની સાથે ચીન સાથે સંબંધ સુધારવાની પણ તક આપી રહ્યું છે. આ સંમેલનથી ભારત-ચીન સંબંધોમાં નવો અધ્યાય શરૂ થાય તેવી આશા વ્યક્ત થઈ રહી છે.

# નીલગીરીના ઝાડવા આપણી જમીનને લીલાછમ રણમાં ફેરવી નાખશે




નીલગીરી, જેને યુકેલિપ્ટસ તરીકે પણ ઓળખવામાં આવે છે, ઝડપથી વધતું અને અનેક ઉપયોગી ગુણો ધરાવતું વૃક્ષ છે. ભારતમાં તેની ખેતી લાકડું, કાગળ, પલ્પ, ઈંધણ, તેલ અને વિવિધ ઔદ્યોગિક જરૂરિયાતો માટે કરવામાં આવે છે. યોગ્ય સ્થળ, યોગ્ય જાત અને વૈજ્ઞાનિક પધ્ધતિથી તેનું સંચાલન કરવામાં આવે તો નીલગીરી ખેડૂતો તેમજ ઉદ્યોગો માટે લાભદાયક બની શકે છે. જોકે, અયોગ્ય રીતે અને મોટા પ્રમાણમાં માત્ર એક જ જાતનાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવે તો પાણી, જમીન અને સ્થાનિક જૈવવિવિધતા પર નકારાત્મક અસર થવાની સંભાવના રહે છે. તેથી નીલગીરીનું રક્ષણ એટલે માત્ર વૃક્ષોને બચાવવું નહીં, પરંતુ તેનું સંતુલિત અને જવાબદાર સંચાલન કરવું પણ જરૂરી છે. નીલગીરી ઝડપથી વિકસતું વૃક્ષ છે. તેની ઊંચાઈ, મજબૂત થડ અને ઊંડી મૂળપ્રણાલી તેને વિવિધ પરિસ્થિતિમાં ઉગવા માટે સક્ષમ બનાવે છે. યોગ્ય જમીન અને પૂરતા ભેજવાળા વિસ્તારમાં તેનું વાવેતર સારી રીતે થઈ શકે છે. જોકે, દરેક વિસ્તારમાં નીલગીરીનું વાવેતર યોગ્ય હોય તે જરૂરી નથી. સ્થાનિક હવામાન, જમીનનો પ્રકાર, વરસાદનું પ્રમાણ અને પાણીની ઉપલબ્ધતા ધ્યાનમાં રાખીને જ તેની જાત અને વાવેતરની પધ્ધતિ પસંદ કરવી જોઈએ. નીલગીરીમાંથી મળતું લાકડું કાગળ, પલ્પ, પ્લાયવૂડ, ફર્નિચર, થાંભલા અને ઈંધણ માટે ઉપયોગી છે. ઝડપથી વધતું હોવાથી ખેડૂતોને થોડાં વર્ષોમાં આવક મેળવવાની તક મળે છે. કાગળ ઉદ્યોગને જરૂરી કાચો માલ સ્થાનિક સ્તરે મળવાથી પરિવહન ખર્ચમાં પણ ઘટાડો થઈ શકે છે. આ ઉપરાંત, નીલગીરીના વાવેતર, કાપણી અને લાકડાના વ્યવસાયથી ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારીની તકો ઊભી થઈ શકે છે. નીલગીરીનાં પાંદડાંમાંથી સુગંધિત તેલ મેળવવામાં આવે છે. આ તેલનો ઉપયોગ સફાઈના ઉત્પાદનો, સુગંધિત દ્રવ્યો તથા કેટલાક પરંપરાગત ઉપચારાત્મક ઉત્પાદનોમાં થાય છે. તેમાં કીટકનાશક ગુણો પણ જોવા મળે છે. જોકે, નીલગીરીના તેલનો ઔષધીય હેતુ માટે ઉપયોગ કરતા પહેલા નિષ્ણાંતની સલાહ લેવી જરૂરી છે, કારણ કે દરેક વ્યક્તિ માટે તેનો ઉપયોગ સુરક્ષિત હોય તેવું જરૂરી નથી. નીલગીરીની મૂળપ્રણાલી જમીનને પકડી રાખવામાં મદદ કરી શકે છે. ઢાળવાળી અથવા બિનઉપયોગી જમીન પર યોગ્ય અંતર રાખીને તેનું વાવેતર કરવામાં આવે તો જમીનનું ધોવાણ ઘટાડવામાં મદદ મળી શકે છે. વૃક્ષોનાં પાંદડાં જમીન પર પડ્યા બાદ સડીને સજીવ પદાર્થમાં ફેરવાય છે, જે જમીનની રચનામાં થોડો સુધારો લાવી શકે છે. તેમ છતાં, આ લાભ મેળવવા માટે જમીનની સ્થિતિ અને પાણીની ઉપલબ્ધતાનું નિયમિત નિરીક્ષણ કરવું જરૂરી છે. ઝડપથી વધતું વૃક્ષ હોવાથી નીલગીરી જમીનમાંથી પાણી અને પોષક તત્ત્વો મોટા પ્રમાણમાં લે છે. ઓછા વરસાદવાળા અથવા પાણીની તંગીવાળા વિસ્તારોમાં મોટા પ્રમાણમાં નીલગીરીનું વાવેતર કરવામાં આવે તો તે ભૂગર્ભજળ માટે ખેતી અને અન્ય વનસ્પતિ સાથે સ્પર્ધા કરી શકે છે. ખાસ કરીને કૂવા, તળાવ, નદી અને ભેજવાળા વિસ્તારોની આસપાસ અતિશય નીલગીરીનું વાવેતર ટાળવું જોઈએ. વાવેતર કરતા પહેલાં સ્થાનિક જળચક્ર અને ભૂગર્ભજળની સ્થિતિનો અભ્યાસ કરવો અત્યંત જરૂરી છે. એક જ જાતનાં નીલગીરીનાં વૃક્ષો મોટા વિસ્તારમાં વાવવામાં આવે ત્યારે સ્થાનિક વૃક્ષો, ઘાસ અને ઝાડીઓ

### પ્રાસંગિક
### સુરેશ દેસાઈ

માટે જગ્યા ઓછી થઈ શકે છે. તેના કારણે પક્ષીઓ, જીવજંતુઓ અને અન્ય વન્યજીવોના રહેઠાણ પર અસર પડી શકે છે. નીલગીરીનાં પાંદડાં અને મૂળમાંથી છૂટતા કેટલાક રસાયણો આસપાસના છોડની વૃદ્ધિને પણ અસર કરી શકે છે. તેથી સ્થાનિક પ્રજાતિઓને દૂર કરીને માત્ર નીલગીરીનું એકજાતીય વાવેતર કરવું પર્યાવરણની દ્રષ્ટિએ યોગ્ય માનવામાં આવતું નથી. ઝડપથી વધતા નીલગીરીના વાવેતરની પર્યાવરણીય અસર અંગે વિશ્વના વિવિધ દેશોમાં અભ્યાસ થયા છે. દક્ષિણ અમેરિકાના બ્રાઝિલમાં નીલગીરી ઉદ્યોગનો મુખ્ય હેતુ ઝડપથી વૃક્ષો ઉગાડીને તેને પલ્પ માટે કાપવાનો અને વૈશ્વિક કાગળ ઉદ્યોગ માટે કાચો માલ પૂરો પાડવાનો રહ્યો છે. પરંતુ કેટલાક વૈજ્ઞાનિક અભ્યાસોમાં નીલગીરી ઉગાડતા વિસ્તારોમાં ભૂગર્ભજળના સ્તરમાં ઘટાડો જોવા મળ્યો છે. મિનાસ ગેરાઈસ વિસ્તારમાં ૪૫ વર્ષ દરમિયાન ભૂગર્ભજળનું સ્તર ૪.૫ મીટર ઘટ્યું હોવાનું અભ્યાસમાં જણાવાયું છે. જેના કારણે સ્થાનિક લોકો આવા વિસ્તારોને 'લીલું રણ' કહેવા લાગ્યા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આર્જેન્ટિનાના પમ્પાસ ઘાસના મેદાનોમાં પણ નીલગીરીના વાવેતરની અસર અંગે અભ્યાસ કરવામાં આવ્યો છે. મધ્ય આર્જેન્ટિનાના પૂરગ્રસ્ત પમ્પાસ વિસ્તારમાં ૪૦ હેક્ટરના વાવેતરનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ વાવેતર વર્ષ ૧૯૫૧માં કરવામાં આવ્યું હતું. બે વર્ષના અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું કે નીલગીરી ઉગાડતા વિસ્તારમાં ભૂગર્ભજળનું સ્તર ઘાસના મેદાનોની સરખામણીમાં અડધા મીટરથી વધુ નીચું હતું. તેના કારણે ભૂગર્ભમાં ઢાળ સર્જાયો અને ઘાસના મેદાનોમાંથી પાણી આડા નીલગીરીના વાવેતર તરફ વહેવા લાગ્યું. આ તારણથી નીલગીરી માત્ર પોતાની નીચેનું પાણી જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોમાંથી પણ ભૂગર્ભજળ ખેંચી શકે છે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. દક્ષિણ અમેરિકાના ઉરુગ્વેમાં પણ નીલગીરી અને પાઈનના વાવેતરની અસર અંગે લાંબા સમય સુધી અભ્યાસ થયો હતો. વર્ષ ૨૦૦૦થી સંશોધકોએ બે બાજુના જળાશયોનું નિરીક્ષણ કર્યું હતું. જેમાં એક વિસ્તાર ગોચર તરીકે રાખવામાં આવ્યો હતો અને બીજા વિસ્તારમાં નીલગીરી તથા પાઈનનું વાવેતર કરવામાં આવ્યું હતું. ૧૭ વર્ષના વાવેતર બાદ જળાશય સાથે જોડાયેલા વિસ્તારમાં ઘાસના મેદાનની સરખામણીમાં પાણીની ઉપલબ્ધતા અને જળપ્રવાહમાં ઘટાડો જોવા મળ્યો હતો. અભ્યાસમાં પાણીના વપરાશમાં ૩૫ ટકા ઘટાડાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પૂર્વ આફ્રિકાના રવાન્ડામાં પણ વિદેશી નીલગીરીના વાવેતર અંગે સંશોધન કરવામાં આવ્યું છે. અભ્યાસ મુજબ નીલગીરી પોષક તત્ત્વોનો વધુ ઉપયોગ કરનાર વૃક્ષ હોવાથી જમીનની ફળદ્રુપતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. રવાન્ડામાં નીલગીરી મુખ્ય વાવેતર વૃક્ષ બની ગયું છે અને અભ્યાસ મુજબ વન વાવેતરમાં તેનો હિસ્સો ૭૮ ટકા જેટલો હોવાનું જણાવાયું છે. ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં ઈથોપિયા, રવાન્ડા, યુગાન્ડા, કેન્યા અને સુદાનમાં નીલગીરીનું વાવેતર આશરે ૯૫,૬૮૪ હેક્ટર વિસ્તારમાં હતું. નીલગીરીનાં સૂકાં પાંદડાં અને છાલનો મોટો જથ્થો જમીન પર એકઠો થાય તો આગ ઝડપથી ફેલાવાનું જોખમ પણ વધી શકે છે. વારંવાર અને અયોગ્ય રીતે વૃક્ષો કાપવામાં આવે તો જમીનમાંથી પોષક તત્ત્વો ઘટી શકે છે. તેથી કાપણી બાદ જમીનમાં સજીવ ખાતર ઉમેરવું, સૂકાં પાંદડાંનું યોગ્ય વ્યવસ્થાપન કરવું અને જરૂરી હોય ત્યાં પુનર્વાવેતર કરવું જોઈએ. નીલગીરી સંપૂર્ણપણે નુકસાનકારક કે સંપૂર્ણપણે લાભદાયક વૃક્ષ નથી. તેનો પ્રભાવ વાવેતરની જગ્યા, જાત, પાણીની ઉપલબ્ધતા અને સંચાલનની પધ્ધતિ પર આધાર રાખે છે. યોગ્ય આયોજનથી તે ખેડૂતોને આવક, ઉદ્યોગોને કાચો માલ અને વાતાવરણને કાર્બન શોષણ જેવા લાભ આપી શકે છે. બીજી તરફ, અયોગ્ય અને મોટા પાયે એકજાતીય વાવેતર પાણીની અછત, જમીનની ગુણવત્તામાં ઘટાડો અને જૈવવિવિધતા પર નકારાત્મક અસર કરી શકે છે. તેથી નીલગીરીનું વાવેતર સ્થાનિક વૃક્ષો સાથે મિશ્ર રીતે, વૈજ્ઞાનિક માર્ગદર્શન હેઠળ અને સ્થાનિક જળસ્રોતોને ધ્યાનમાં રાખીને કરવું જરૂરી છે. નીલગીરીનું સંરક્ષણ અને પર્યાવરણનું રક્ષણ બંને વચ્ચે સંતુલન જાળવવું જ સૌથી યોગ્ય માર્ગ છે.

**નીલગિરી ફક્ત ભારત માટે જ નહીં પરંતુ વિશ્વ માટે માથાનો દુખાવો બની ગયું છે, લેટિન અમેરિકાથી આફ્રિકા સુધી તેની ખતરનાક અસરો છે. નીલગીરીના કેટલાક સારા ગુણો પણ છે. જેને અવગણી શકાય નહીં.**

# 'ફાઈવ-ડે બેન્કિંગ'ની માંગ સાથે દેશભરમાં બેંક કર્મચારીઓની હડતાલ

અમદાવાદ,તા.૧૧




યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (યુએફબીયુ) દ્વારા ૫-ડે વર્કિંગની લાંબા સમયથી ચાલી રહેલી માંગણીના વિરોધમાં શુક્રવારે દેશવ્યાપી હડતાલનું એલાન કરવામાં આવ્યું છે. હડતાલ બાદ બીજા શનિવાર અને રવિવારની રજા હોવાથી સતત ત્રણ દિવસ સુધી સરકારી તેમજ કેટલીક ખાનગી બેંકોનું કામકાજ ઠપ રહેશે. બેંક યુનિયનો દ્વારા માંગણીઓનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો તા.૨૬ ઓક્ટોબરથી અનિશ્ચિત મુદતની હડતાલ કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.ગુજરાતમાં પણ હડતાલની વ્યાપક અસર જોવા મળી રહી છે. રાજ્યના આશરે ૭૫ હજાર બેંક કર્મચારીઓ અને અધિકારીઓ હડતાલમાં જોડાયા છે. જેના કારણે રાજ્યની અંદાજે ૫૪૦૦ બેંક શાખાઓમાં કામકાજ બંધ રહ્યું હતું. હડતાલને પગલે રૂ.૧૫ હજાર કરોડથી વધુના બેંકિંગ વ્યવહારોને સીધી અસર પહોંચી છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતના શહેરોમાં કર્મચારીઓએ કાળા કપડા પહેરી સુત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરી ૫-ડે વર્કિંગની માંગણીને ઉગ્ર બનાવી હતી. કર્મચારીઓએ સરકાર અને બેંક મેનેજમેન્ટને વહેલી તકે માંગણીઓ સ્વીકારવા રજૂઆત કરી હતી.

# આઈએમએફે ભારતને વિશ્વનું ગ્રોથ એન્જિન ગણાવ્યું

મુંબઈ,તા.૧૧




વૈશ્વિક પડકારો અને ઊર્જા સંકટ વચ્ચે પણ ભારતીય અર્થતંત્રએ પોતાની મજબૂત પકડ જાળવી રાખી છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (એપ્રિલ-જૂન) દેશનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર ૭.૮% નોંધાયો છે, જે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૭% ના અનુમાન કરતાં પણ વધુ છે.આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF) ના પ્રવક્તા જુલી કોજાકે આ પ્રદર્શનની પ્રશંસા કરતાં જણાવ્યું છે કે ભારત વિશ્વ માટે મુખ્ય 'ગ્રોથ એન્જિન' બની રહ્યું છે. મજબૂત સેવા ક્ષેત્ર અને બહેતર નિકાસના કારણે આ વૃદ્ધિ શક્ય બની છે.આંકડાશાસ્ત્ર મંત્રાલયના ડેટા અનુસાર, પ્રથમ ત્રિમાસિકમાં દેશની રિયલ જીડીપી રૂ.૮૧.૩૬ લાખ કરોડ રહી છે, જે ગત નાણાકીય વર્ષના સમાન ગાળામાં રૂ.૭૫.૪૬ લાખ કરોડ હતી. IMF મુજબ ઊર્જા મોંઘવારીના આંચકા છતાં ભારતીય અર્થવ્યવસ્થા અત્યંત મજબૂત સ્થિતિમાં છે.

# શેરબજારમાં કડાકો : સેન્સેક્સ ૧૨૦ પોઈન્ટ ઘટીને ૭૪,૭૮૧ પર બંધ

### સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **ધારી** | | |
| કપાસ | ૧૮૫૦ | ૨૦૨૫ |
| ઘઉં લોકવન | ૫૧૧ | ૫૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ-મોટી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૧ |
| તલ કાળા | ૨૭૫૦ | ૩૫૯૩ |
| જીરૂ | ૩૮૦૩ | ૩૯૫૦ |
| કપાસ | ૧૮૫૦ | ૨૦૨૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૧૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૧૨૫ | ૨૧૨૫ |
| કપાસ | ૧૯૩૧ | ૧૯૩૧ |
| બાજરો | ૪૪૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૦ |
| જુવાર | ૭૦૦ | ૧૩૦૧ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| મેથી | ૮૫૦ | ૮૫૦ |

મુંબઈ, તા.૧૧

ભારતીય શેરબજારમાં આજે ૧૧ સપ્ટેમ્બરે મંદીનો માહોલ જોવા મળ્યો છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)નો સેન્સેક્સ ૧૨૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૪,૭૮૧ ના સ્તરે બંધ થયો છે. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)નો નિફ્ટી પણ ૭૯ પોઈન્ટ ઘટીને ૨૩,૩૯૮ ના મથાળે પહોંચ્યો છે. મુખ્યત્વે રિયલ્ટી અને મેટલ ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ વેચવાલી નોંધાઈ હતી.બજારમાં આ ઘટાડા પાછળ વૈશ્વિક પરિબળો જવાબદાર રહ્યા છે. મધ્ય પૂર્વમાં યુધ્ધ અને રેડ સી વિવાદને કારણે ક્રૂડ ઓઈલ ઈ૧૦૮ ને પાર પહોંચતા ભારતમાં મોંઘવારી વધવાનો ભય ઊભો થયો છે. આ ઉપરાંત, અમેરિકી બોન્ડ યીલ્ડ વધીને ૪.૯૪% થતાં વિદેશી રોકાણકારો (FIIs) દ્વારા રૂ.૪૩૮ કરોડનું પાછું ખેંચાણ કરવામાં આવ્યું છે. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ખરીદી છતાં વૈશ્વિક દબાણને કારણે બજાર નીચા મથાળે બંધ રહ્યું છે.


# સોના-ચાંદીના ભાવમાં ઘટાડો: સોનું રૂ.૧.૫૩ લાખ અને ચાંદી રૂ.૨.૩૦ લાખ પર પહોંચી

મુંબઈ,તા.૧૧



સ્થાનિક કિંમતી ધાતુના બજારમાં આજે ૧૧ સપ્ટેમ્બરે સોના અને ચાંદીના ભાવમાં નરમ વલણ જોવા મળ્યું છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, ૨૪ કેરેટ સોનાનો ભાવ રૂ.૨૬૯ ઘટીને રૂ.૧,૫૩,૦૧૮ પ્રતિ ૧૦ ગ્રામ થયો છે. જ્યારે ૨૨ કેરેટનો ભાવ રૂ.૧,૪૦,૧૬૪ અને ૧૮ કેરેટનો ભાવ રૂ.૧,૧૪,૭૬૪ રહ્યો છે. આ ઉપરાંત, ચાંદીના ભાવમાં રૂ.૩,૭૪૨નો મોટો ઘટાડો નોંધાતા પ્રતિ કિલો કિંમત રૂ.૨,૩૦,૦૦૦ ના મથાળે આવી ગઈ છે.ચાલુ વર્ષે ૨૦૨૬માં સોનાના ભાવમાં અત્યાર સુધીમાં રૂ.૨૦,૦૦૦નો વધારો નોંધાયો છે. જાન્યુઆરી માસમાં સોનાએ રૂ.૧.૭૬ લાખ અને ચાંદીએ રૂ.૩.૮૬ લાખની ઓલ-ટાઈમ હાઈ સપાટી બનાવી હતી.નિષ્ણાંતોના જણાવ્યા મુજબ, કેન્દ્રીય બેંકો દ્વારા થઈ રહેલી સતત ખરીદીના કારણે સોનામાં મજબૂતી જળવાઈ રહેશે. કોમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જીના અંદાજ મુજબ, વર્ષના અંતે ડિસેમ્બર સુધીમાં સોનું રૂ.૧.૭૦ લાખ અને ચાંદી રૂ.૩ લાખની સપાટી સ્પર્શી શકે છે.

## શબ્દ સંજોગ-૨૨૯૩



**આડી ચાવી :**
(૧) પતંગ (૪)
(૪) અંધિરાઈનુ આકળાપણુ (૪)
(૬) થોડાવારની સેર (૨)
(૭) કચાશ, ખોટ (૩)
(૮) ઘૂંટણથી પાટલી સુધીનો લાંબો અવયવ (૨)
(૯) કોઈ સુંવાળી સાફ વસ્તુ સંકોચાવાથી એમા પડતી રેખા (૪)
(૧૧) વેરાયેલુ, ઉલટુ (૨)
(૧૨) "મે ઘણુ કહ્યુ તો યે તેઓ મારી વાત... જ નહી ને." (૨)
(૧૩) દિવસ, વાર (૩)
(૧૪) હોજરી, પેટ (૩)
(૧૬) જંગલ, અરણ્ય (૨)
(૧૮) .....ચલાવો (૩)
(૧૯) રમણ, પતિ (૨)
(૨૦) વર્ણ, રંગ (૨)
(૨૨) વ્યસન, ટેવ (૨)
(૨૩) મુકામ, વસાવટ (૨)
(૨૪) લવ-કુશના પિતા (૨)
(૨૫) ઘણી બહેનો.....કરીને આર્થિક ઉપાર્જન કરી લે છે. (૫)
(૨૬) સુરતનુ....ને કાશીનુ મરણ (૩)

**ઉભી ચાવી :**
(૧) લેખક કે પત્રકારનુ હથિયાર (૩)
(૨) અભિનેતા, અદાકાર (૨)
(૩) નાનો વહેળો (૩)
(૪) ....પધરાવો સાવધાન! (૪)
(૫) પચી જાય તેવુ (જવાબ આ-અ) (૩)
(૮) વાઢકાપ કે તે કરવાનુ હથિયાર (૩)
(૧૦) કલેજુ, કાળજુ (૩)
(૧૧) ટેવ, લત (૩)
(૧૨) પશુ કે પંખીમાં સ્ત્રી જાત (૨)
(૧૩) ભાળ, પત્તો (૩)
(૧૪) યુગ, લાંબો સમય (૩)
(૧૫) ઠગનાર (૨)
(૧૭) સફેદ (૨)
(૧૮) દિન (૩)
(૧૯) કાંતવુ તે (૩)
(૨૧) એક ફરસાણ (૩)
(૨૨) રામનો એક પુત્ર (૨)
(૨૩) ડાબુ (૨)
(૨૪) રઘુપતિ રાઘવ રાજા..... (૨)

## શબ્દ સંજોગ-૨૨૯૨ જવાબ

**આડી ચાવી:** (૧) પાનેતર (૪) જામગરી (૭) રતલ (૮) હામ (૯) માત (૧૦) દર (૧૧) રવ (૧૨) નજર (૧૫) મગર (૧૭) કલંક (૧૯) સાર (૨૦) ઠાઠ (૨૧) તાણ (૨૪) માલા (૨૫) કવચ (૨૭) રાજ (૨૯) વેલણ (૩૦) કના (૩૨) મતવાલી (૩૩) કરલીચ(કરચલી). **ઉભી ચાવી:** (૧) પારદર્શક (૨) નેતર (૩) તલ (૪) જામનગર (૫) ગમાર (૬) રીત (૧૩) જર (૧૪) વાંક (૧૫) મસાણ (૧૬) જઠર (૧૮) લંકા (૨૧) તાલાવેલી (૨૨) ભાવ (૨૩) આરામ (૨૫) કણક (૨૬) ચકલી (૨૮) જત (૩૧) નાચ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સાવરકુંડલામાં સ્મશાનની જર્જરીત દિવાલ મુદ્દે રહીશોનો તંત્ર સામે આક્રોશ

સાવરકુંડલા,તા.૧૧



સાવરકુંડલાના કુંડલા વિભાગમાં આવેલા સ્મશાનની દિવાલ અડધી ધરાશાયી થઈ ગઈ છે અને બાકીનો ભાગ અત્યંત જર્જરીત સ્થિતિમાં છે. આ ગંભીર સમસ્યાને કારણે સ્મશાનને અડીને આવેલી શોરાવાડી સોસાયટીના રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે અને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.રહીશો દ્વારા લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં નગરપાલિકા દ્વારા છેલ્લા દસ વર્ષથી માત્ર ગ્રાન્ટ મંજૂર થવાના આશ્વાસનો જ આપવામાં આવે છે. કોઈ નક્કર કામગીરી ન થતાં આખરે કંટાળેલા રહીશોએ કેસરીનંદન હનુમાનજી સમક્ષ પ્રાર્થના કરી સત્તાધીશોને સદબુદ્ધિ આપવા અરજ કરી છે.શહેરના બુદ્ધિજીવી વર્ગમાં પણ આ મુદ્દે તીખો વ્યંગ થઈ રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે કોઈ મોટી દુર્ઘટના સર્જાયા પછી જ તંત્ર જાગશે કે કેમ. દસ વર્ષના લાંબા સમયગાળા બાદ પણ ઉકેલ ન આવતા સ્થાનિકોમાં પાલિકાની ઘોર ઉપેક્ષા સામે ભારે આક્રોશ વ્યાપ્યો છે.

# દેરડીથી લાઠી વચ્ચે નેશનલ હાઈવે પરથી ૩૦ જેટલા અનધિકૃત દબાણો દૂર કરાયા

અમરેલી,તા.૧૧




અમરેલી જિલ્લામાં વાહનચાલકોની સલામત અને સુગમ અવરજવર સુનિશ્ચિત કરવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI), રાજકોટ દ્વારા 'રાઈટ ઓફ વે' (ROW) વિસ્તારમાંથી અનધિકૃત દબાણો હટાવવાની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.આ કામગીરી અંતર્ગત આજે દેરડીથી લાઠી વચ્ચે નેશનલ હાઈવેના માર્ગમાં આવેલા અંદાજે ૩૦ જેટલા ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા. સ્થાનિક વહીવટી તંત્ર અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવીને આ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે.હાઈવે પર દબાણોના કારણે અકસ્માત અને વાહનવ્યવહાર ખોરવાવાનો ભય રહેતો હોવાથી માર્ગ સલામતીને પ્રાધાન્ય આપીને આ પગલું ભરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા ભવિષ્યમાં પણ આવી કામગીરી ચાલુ રાખવાની સ્પષ્ટતા સાથે દબાણકર્તાઓને સ્વેચ્છાએ દબાણો હટાવી લેવા અપીલ કરાઈ છે.

# આદપોકરમાં આદિનાથ મહાદેવ મંદિરે લોકમેળાનું આયોજન

કોડીનાર,તા.૧૧

કોડીનાર તાલુકાના આદપોકર ગામે આવેલ આદિનાથ મહાદેવ મંદિર ખાતે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. લોકમેળામાં આસપાસના ગામો સહિત મોટી સંખ્યામાં ધર્મપ્રેમી શ્રધ્ધાળુઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમો તથા મેળાનો આનંદ માણશે. મેળાને લઈ ગ્રામજનોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મંદિર પરિસરમાં શ્રધ્ધાળુઓને કોઈ અગવડ ન પડે તે માટે જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. આ પ્રસંગે મંદિરના મહંત આદિનાથ મહાદેવ દ્વારા સર્વે ધર્મપ્રેમી ભાઈ-બહેનોને લોકમેળામાં પધારી ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. મેળા દરમિયાન મંદિર ખાતે ધાર્મિક માહોલ સર્જાશે અને મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે ઉમટશે.

# બગસરાની કોલેજમાં 'આંતરરાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ દિવસ' નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

બગસરા,તા.૧૧



બગસરાની જે. સી. ધાણક આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં આજે 'આંતરરાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ દિવસ' અંતર્ગત વિદ્યાર્થીઓ માટે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને માનસિક તણાવમાંથી મુક્ત કરવા અને સકારાત્મક જીવનશૈલી તરફ વાળવાનો હતો. આ કાર્યક્રમમાં કૉલેજના NTF નોડલ ઓફિસર ડૉ. ગૌરવ પી. જોષી દ્વારા 'નેશનલ ટાસ્ક ફોર્સ' (NTF) ની કામગીરી અને યુવાનો માટે તેની ઉપયોગિતા અંગે માહિતી આપવામાં આવી હતી. પ્રોફેસર કમ કાઉન્સેલર ડૉ. ટી. બી . મણવર દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં માનસિક સ્વસ્થતા જાળવી રાખવા માટે માર્ગદર્શન અપાયું હતું. મુખ્ય વક્તા ડૉ. એચ. વી. ચૌધરીએ વિદ્યાર્થીઓને વર્તમાન સમયમાં જોવા મળતા અયોગ્ય શૈક્ષણિક અને પરીક્ષાલક્ષી દબાણને કેવી રીતે ટાળવું, તણાવમુક્ત પરીક્ષા કેવી રીતે આપવી અને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કઈ રીતે કરવો તે અંગેના વિવિધ નવતર ઉપાયો અને માર્ગદર્શન આપ્યું હતું.

# કાશી હિન્દુ યુનિવર્સિટીમાં ગીતા પ્રવચન સત્રનો પ્રારંભ થશે

અમરેલી,તા.૧૧

વારાણસી સ્થિત વારાણસીની વિખ્યાત બનારસ હિન્દુ યુનિવર્સિટીના માલવીય ભવન ખાતે 'ગીતા સમિતિ' દ્વારા રવિવારીય ગીતા પ્રવચન કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવી રહ્યો છે. આ વિશેષ ધાર્મિક અને આધ્યાત્મિક સત્રનું આયોજન ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શ્રી સ્વામી નારાયણ ગુરુકુલમ, ગુજરાતના શ્રદ્ધેય સદ્ગુરુ માધવ પ્રિયદાસજી મુખ્ય અતિથિ અને મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહીને ગીતાના દિવ્ય જ્ઞાન પર માર્ગદર્શન આપશે. જ્યારે કાર્યક્રમની અધ્યક્ષતા કાશી હિન્દુ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. અજિત કુમાર ચતુર્વેદી કરશે. આ કાર્યક્રમ માલવીય ભવન, વારાણસી ખાતે યોજાશે. ગીતાના મૂલ્યો અને વિચારોને સમાજ સુધી પહોંચાડવાના હેતુથી આ સત્રનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજર રહેશે.

# ગોલ નિર્ધારણ અને સારી ટેવો જ સફળતાનો સાચો રાજમાર્ગ: કાનજીભાઈ ભાલાળા

સુરત,તા.૧૧




શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત ખાતે ૧૭૬મા 'વિચારોનું વાવેતર' (થર્સ-ડે થોટ) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યુ હતું કે, જીવનમાં સ્પષ્ટ ગોલ નિર્ધારણ જ સફળતા તરફ દોરી જાય છે. ઈચ્છા, સંકલ્પ, ગોલ અને સતત પ્રયાસ એ સફળતા મેળવવાનો મુખ્ય રાજમાર્ગ છે. ગોલ નક્કી કરવાથી મનને ઉર્જા મળે છે અને કાર્યને યોગ્ય ગતિ પ્રાપ્ત થાય છે. કાર્યક્રમમાં અતિથિ વક્તા ગાયનેક તબીબ ડૉ. વિઠ્ઠલભાઈ પટેલે 'જીવનમાં આદત' વિષય પર બોલતા કહ્યું કે, જીવનમાં એક સારી આદત અન્ય ખરાબ આદતોને દૂર કરે છે. શિસ્તબધ્ધ અને એકધારી સારી ટેવો જ વ્યક્તિને શ્રેષ્ઠ બનાવે છે. આ ઉપરાંત, જાણીતા સર્જન ડૉ. અમુલખભાઈ સવાણીએ પણ ગોલ નિર્ધારણના મહત્વ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ તકે CAના વિદ્યાર્થીઓ માટે રૂ. ૮૦ હજારની સ્કોલરશીપ આપનાર દાતાઓનું વિશિષ્ટ અભિવાદન કરવામાં આવ્યું હતું.

# ખેડૂતો અને પશુપાલકોના હિતમાં બે વિધેયકો પસાર થતા ભાજપ કિસાન મોરચાએ નિર્ણયને આવકાર્યો

અમરેલી,તા.૧૧



ગુજરાત વિધાનસભા દ્વારા 'ગુજરાત પશુધન આહાર, મરઘાં-ચારા અને ખનિજ મિશ્રણ વિધેયક-૨૦૨૬' તથા 'ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક-૨૦૨૬' પસાર કરવામાં આવ્યા છે. ભાજપ કિસાન મોરચાના હિરેન હિરપરાએ આ બંને વિધેયકોને ખેડૂતો અને પશુપાલકોની આજીવિકા તથા સમયની બચત માટે ઐતિહાસિક ગણાવીને રાજ્ય સરકારનો આભાર માન્યો છે.નવા જમીન મહેસૂલ સુધારા વિધેયક મુજબ, સ્પષ્ટ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ, તમામ ખાતેદારોની સંમતિ અને વિવાદરહિત જમીન વ્યવહાર હોય તેવા કિસ્સામાં તે જ દિવસે ફેરફાર નોંધ પાડીને પ્રમાણિત કરવામાં આવશે. ઉપરાંત, અદાલત કે ટ્રિબ્યુનલના આદેશના આધારે થતી નોંધો પણ હુકમ મળતા જ તાત્કાલિક નોંધાશે.બીજી તરફ, પશુઆહાર વિધેયક દ્વારા પશુપાલકોને ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત પશુઆહાર મળી રહે તે માટે જરૂરી નિયમન કરવામાં આવ્યું છે, જેથી પશુઓના આરોગ્યનું રક્ષણ થશે. રાજ્ય સરકારના આ નિર્ણયોથી લાંબી વહીવટી પ્રક્રિયામાંથી મુક્તિ મળશે અને જમીન હકની કામગીરી વધુ સરળ અને ઝડપી બનશે.

# ગોંડલ લોકમેળા હત્યા કેસમાં મુખ્ય હુમલાખોર રાહુલ ડોડિયા સહિત આઠની ધરપકડ કરાઈ

ગોંડલ,તા.૧૧


તસવીર : ભોજાણી દેવાંગ

ગોંડલના આઈકોનિક લોકમેળા દરમિયાન થયેલી ચકચારી હત્યા કેસમાં પોલીસે સઘન કાર્યવાહી કરીને મુખ્ય હુમલાખોર રાહુલ રાજુ ડોડિયા સહિત ૮ આરોપીઓની ધરપકડ કરી છે. રાજકોટ રૂરલ એલસીબી અને ગોંડલ સિટી પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને પાંચ પુખ્ત વયના આરોપીઓ અને ત્રણ સગીરોને ઝડપી લીધા છે. આઈજી નિરલિપ્ત રાય અને એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ પોલીસે મેળાના સ્થળે મુખ્ય આરોપીઓનું રીકન્સ્ટ્રક્શન હાથ ધરી કાયદાકીય તપાસ વધુ તેજ બનાવી છે. કેસમાં સંડોવાયેલા ફરાર આરોપી મિલન જોટંગિયાને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# જૂનાગઢમાં કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા યુવક-યુવતીઓનો પરિચય મેળો યોજાશે

જૂનાગઢ,તા.૧૧

જૂનાગઢ ખાતે કોળી શક્તિ યુવક મંડળ અમરેલી દ્વારા ઉચ્ચ અભ્યાસ કરતા યુવક-યુવતીઓ માટે ૭૭મો વેવિશાળ પરિચય સમારંભ આગામી તા. ૧૩-૯-૨૦૨૬, રવિવારના રોજ આલ્ફા હાઈસ્કૂલ જૂનાગઢના સંચાલક જી.પી. કોઠીના પ્રમુખ સ્થાને યોજાશે. આ સમારંભનું આયોજન ઘેડીયા કોળી સમાજ વાડી, શાક માર્કેટ મેઈન રોડ, જોષીપુરા, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું છે.મંડળના પ્રમુખ રમેશભાઈ એસ. ગોહિલના જણાવ્યા મુજબ, મંડળ દ્વારા અગાઉ યોજાયેલા સમારંભમાં ભાગ લીધેલ ૧૦૪૯ યુવક-યુવતીઓ આ કાર્યક્રમમાં વિનામૂલ્યે ભાગ લઈ શકશે. આ ઉપરાંત, નવા જોડાવા માંગતા ઉમેદવારો સમારંભના સ્થળ પરથી સવારના ૮ થી ૧૧ વાગ્યા સુધીમાં ફોર્મ ભરીને ભાગ લઈ શકશે. ફોર્મ અને વધુ માહિતી માટે મંડળના પ્રમુખ રમેશભાઈ ગોહિલના મોબાઈલ નંબર ૯૩૭૪૭ ૩૪૮૨૦ પર સંપર્ક કરવાનો રહે.

# રાજુલાના નિંગાળા નજીક કન્ટેનર અને બાઈક વચ્ચે અકસ્માત : એકનું મોત, એક ગંભીર

રાજુલા,તા.૧૧


તસવીર : ગોપાલ રાઠોડ

ભાવનગર-સોમનાથ હાઈવે પર રાજુલાના નિંગાળા નજીક કન્ટેનર અને મોટરસાયકલ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

આ દુર્ઘટનામાં મોટરસાયકલ સવાર એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માત અંગેની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પીપાવાવ મરીન પોલીસની ટીમ તુરંત ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજુલા નાગરિક સહકારી બેંકના નવા ભવનનું ૧૩મીએ લોકાર્પણ


**જાહેર નિવિદા**

**કૈલાસ એગ્રો એન્ડ ફર્ટીલાઈઝર - મોટા દેવળીયા**

તાલુકો : બાબરા. જીલ્લો : અમરેલી

અમારી સંસ્થાનું નામ કૈલાસ એગ્રો એન્ડ ફર્ટીલાઈઝર - મોટા દેવળીયા તાલુકો : બાબરા. જીલ્લો : અમરેલી ગામ મોટાદેવળીયા રાણપડા રોડ ઉપર રાસાયણીક ખાતરનું રીટેલીંગ વેચાણ કરવા માંગે છે. જેનું અમે કૃષી અને ગ્રામ્ય વિકાસ રાજ્ય કો-ઓપરેટીવ સોસાયટી લી. પાસેથી ઓ ફોમ લેવા માંગીએ છીએ તો આ માટે જે વિસ્તારની કોઈ સહકારી સંસ્થાને વાંધો હોય તો વાંધા અરજી દસ દિવસની અંદર કૃષી અને ગ્રામ્ય વિકાસ રાજ્ય કો-ઓપરેટીવ સોસાયટી લી. મુ. અમરેલી જેસીંગપરા, શિવાજી ચોક, જીલ્લા ખરિદ વેચાણ સંઘ પેટ્રોલ પંપની બાજુમાં, અમરેલી. વાંધા અરજી રજુ કરવી. જો દિવસ દસની અંદર કોઈપણ પ્રકારની વાંધા અરજી નહીં મળે તો કૃષી અને ગ્રામીણ વિકાસ રાજ્ય કો-ઓપરેટીવ સોસાયટી લી. મુ. અમરેલી જેસીંગપરા, શિવાજી ચોક, જીલ્લા ખરીદ વેચાણ સંઘ પેટ્રોલ પંપની બાજુમાં, અમરેલી દ્વારા આગળની કાર્યવાહી કરી રીટેલ ખાતરના વેચાણ માટે સર્ટીફીકેટ આપવામાં આવશે.

તા. ૧૧/૦૯/૨૦૨૬
અમરેલી.

કૃષી અને ગ્રામીણ વિકાસ રાજ્ય
કો-ઓપરેટીવ સોસાયટી લી.
મુ. અમરેલી.
જી. અમરેલી.


રાજુલા, તા.૧૧

**સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે ભવન અને સેફ ડિપોઝિટ વોલ્ટનું ઉદ્ઘાટન કરાશે**

રાજુલા નાગરિક સહકારી બેંકનું નવનિર્મિત અધ્યતન ભવન તથા સેફ ડિપોઝિટ વોલ્ટ લોકરનું લોકાર્પણ તા. ૧૩ સપ્ટેમ્બર, રવિવારના રોજ કરવામાં આવશે. સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે ઉદ્ઘાટન થશે. ૧૯૭૧માં સ્થાપાયેલી બેંક દ્વારા ગ્રાહકોને RTGS, NEFT, CTS, QR સહિતની બેન્કિંગ સેવાઓ આપવામાં આવી રહી છે. કાર્યક્રમમાં હિરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાળા સહિતના આગેવાનો અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. બપોરે ૪ કલાકે ઉદ્ઘાટન, ૫ કલાકે સામાન્ય સભા અને સાંજે ૭:૩૦ કલાકે ભોજન સમારોહ યોજાશે. આશરે ૧૫૦૦ ખાતેદારો ઉપસ્થિત રહેવાની સંભાવના છે. પ્રમુખ વિજયભાઈ કોટલા, ઉપપ્રમુખ કશ્યપભાઈ પારેખ અને મેનેજર જીગ્નેશભાઈ જોષીએ સૌને આમંત્રણ પાઠવ્યું છે.

# પાટણવાવના ઓસમ પર્વત પર ભાદરવી અમાસનો ભવ્ય લોકમેળો ખુલ્લો મુકાયો

ધોરાજી,તા.૧૧



ધોરાજીના પાટણવાવ ગામે આવેલ ઐતિહાસિક ઓસમ પર્વત પર માત્રી માતાજીના સાનિધ્યમાં ભાદરવી અમાસ નિમિત્તે ત્રણ દિવસીય લોકમેળાનો પ્રારંભ થયો છે. મહંત જયવંતપુરીજીના અધ્યક્ષસ્થાને ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં પૂર્વ ધારાસભ્ય લલિત વસોયા સહિત સાધુ-સંતો અને અગ્રણીઓ જોડાયા હતા.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

રજનીકાંતભાઈ વલ્લભદાસ પાઠક (ઉં.વ.૭૯) નું તારીખ:૧૦/૯/૨૬ ને ગુરુવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે ભદ્રેશભાઈ રજનીકાંતભાઈ પાઠકના પિતા થાય છે. સદગતનુ બેસણું તા:૧૨/૯/૨૬ ને શનિવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે મોઢ મહાજન ડેલો જે.વી.મોદી હાઇસ્કુલ પાસે સાવરકુંડલા અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**કાણકિયા**

ગં.સ્વ.નંદિતાબેન મુકુંદરાય મુનીનું તારીખ:૦૭/૦૯/૨૦૨૬ને સોમવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમનુ સદગતનુ બેસણુ સ્થાનિક લોકો માટે તારીખ: ૧૨/૦૯/૨૦૨૬ને શનિવારે બપોરે ૪:૦૦થી ૬:૦૦ કલાકે શ્રી મોઢ મહાજન વાડી, મણીભાઈ ચોક સાવરકુંડલા ખાતે રાખેલ છે.


**ધો. ૧૦ A1 ગ્રેડને - ધો. ૧૧ આર્ટસ કોમર્સ સાયંસ 100% સ્કૂલ ફી માફ - A2 ગ્રેડને 50% સ્કૂલ ફી માફ**

★ A1 ગ્રેડને રૂા. ૧૦૦/- પ્રવેશ ફી ભરી - ધો. ૧૧ આર્ટસ કોમર્સ સાયંસ સ્કૂલ પ્રવેશ મળશે • A2 ગ્રેડને સત્રની અર્ધી ફી ભરી સ્કૂલ પ્રવેશ મળશે.

★ સાયંસ A & B ગૃપ • કોમર્સ - સાયંસ બન્ને મિડીયમ • આર્ટસ ઈતિહાસ ભૂગોળ OR સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ગર્લ્સ સ્કૂલ બપોર - EM સ્કૂલ સવાર • મિશ્ર સ્કૂલ સવાર • હોસ્ટેલ ફક્ત ગર્લ્સ માટે • ત્રણેય સ્કૂલ પ્રવેશ ચાલુ

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત**
**શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી**
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
- Ad134

# રાજ્ય સરકારનું જાહેર દેવું રૂ.૪.૩૦ લાખ કરોડને પાર, વ્યાજપેટે રૂ. ૨૫,૬૦૪ કરોડ ચૂકવાયા

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સરકારનું જાહેર દેવું વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં રૂ.૪.૩૦ લાખ કરોડને પાર પહોંચી ગયું છે. વિધાનસભામાં જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના પ્રશ્નના જવાબમાં નાણામંત્રીએ રાજ્યના દેવા અને ચૂકવણી અંગે માહિતી આપી હતી. વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યનું જાહેર દેવું રૂ.૩.૭૪ લાખ કરોડ હતું. સરકાર દ્વારા અત્યાર સુધીમાં દેવા પર રૂ.૨૫,૬૦૪ કરોડનું વ્યાજ અને રૂ.૧૨,૧૨૬ કરોડની મુદ્દલ ચૂકવવામાં આવી છે. આગામી સમયમાં રૂ.૩૪,૦૨૫ કરોડની મુદ્દલ ચૂકવણી થવાની ધારણા છે. વધતા દેવા સાથે વ્યાજ અને મુદ્દલની ચૂકવણીનો બોજ પણ વધવાની સંભાવના છે, જેના કારણે રાજ્યના બજેટ પર નાણાકીય દબાણ રહેવાની શક્યતા છે.




રાજ્યમાં રસ્તા, પુલ, પાણી, શિક્ષણ અને આરોગ્ય સહિતના વિકાસકાર્યો માટે મોટા પ્રમાણમાં ખર્ચ થઈ રહ્યો છે. જોકે વિકાસની સાથે નાણાકીય સંતુલન જાળવવું પણ જરૂરી બન્યું છે. વધતા દેવાના કારણે ભવિષ્યમાં સરકારની આવકમાંથી કેટલો હિસ્સો દેવાની ચૂકવણીમાં જશે અને નવી યોજનાઓ તથા વિકાસકાર્યો માટે કેટલી નાણાકીય જગ્યા રહેશે તે મહત્વનો પ્રશ્ન બન્યો છે.

# નેપાળમાં પૂર બાદ પુનઃનિર્માણ માટે રૂ. ૭.૨૩ ટ્રિલિયનની જરૂર

નવી દિલ્હી, તા.૧૧

નેપાળમાં ૨૬ ઓગસ્ટે આવેલા વિનાશક પૂરને કારણે થયેલા નુકસાન બાદ પુનઃનિર્માણ અને પુનઃસ્થાપન માટે અંદાજે રૂ. ૭.૨૩ ટ્રિલિયનની જરૂર પડશે. સરકારના રેપિડ ડેમેજ એન્ડ નીડ્સ એસેસમેન્ટ રિપોર્ટ મુજબ પૂરમાં અત્યાર સુધીમાં ૧,૩૭૭ લોકોનાં મોત થયાં છે. રાસુવા, નુવાકોટ અને ધાડિંગ સહિતના વિસ્તારોમાં ઘરો, ખેતીની જમીન, રસ્તા, પુલો, વ્યવસાયો અને સરહદી માળખાને ભારે નુકસાન થયું છે.



પૂરથી ૧૩ હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ અને પાંચ સોલાર પ્લાન્ટ્સને અસર થઈ છે. પાવર અને ગ્રીડ સિસ્ટમના પુનઃસ્થાપન માટે રૂ. ૩,૯૦,૬૨૩ કરોડની જરૂરિયાતનો અંદાજ છે. પરિવહન માળખાના પુનઃનિર્માણ માટે રૂ. ૭૩,૩૪૨ કરોડની જરૂર પડશે. પાંચ જિલ્લાઓમાં ૭,૫૭૦ ખાનગી ઘરો ઉપરાંત ૪૮ સરકારી ઈમારતો, ૧૮ શાળાઓ અને સાત આરોગ્ય સંસ્થાઓને નુકસાન થયું છે. કૃષિ, વેપાર અને બેંકિંગ ક્ષેત્રને પણ અસર થઈ છે. રાષ્ટ્રીય આયોજન પંચ દ્વારા હવે વિગતવાર પોસ્ટ-ડિઝાસ્ટર નીડ્સ એસેસમેન્ટ રિપોર્ટ તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

# નંદીગ્રામથી મમતા બેનર્જી ચૂંટણી લડશે? અટકળો તેજ

કોલકાતા, તા.૧૧

નંદીગ્રામ અને રેજીનગર વિધાનસભા પેટાચૂંટણીની જાહેરાત બાદ પશ્ચિમ બંગાળના રાજકારણમાં નવી અટકળો તેજ બની છે. બળવાખોર ટીએમસી નેતા અખરુર ઝમાને જણાવ્યું કે જો મમતા બેનર્જી નંદીગ્રામથી ચૂંટણી લડશે તો તેમનું જૂથ તેમની સામે ઉમેદવાર ઊભો નહીં કરે. આ નિવેદનથી મમતા બેનર્જી નંદીગ્રામથી ચૂંટણી લડી શકે તેવી ચર્ચાએ વેગ પકડ્યો છે. ટીએમસી ધારાસભ્ય કુણાલ ઘોષે કહ્યું કે ઉમેદવાર અંગે હજુ કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી. મમતા બેનર્જી પોતે ચૂંટણી લડશે કે અન્ય ઉમેદવારને મેદાનમાં ઉતારશે તેનો નિર્ણય પક્ષનું નેતૃત્વ કરશે. રેજીનગરમાં પણ મમતા બેનર્જીને ટેકો આપવાની અગાઉ ઓફર થઈ હતી, પરંતુ હવે ત્યાં અન્ય ઉમેદવારના નામની ચર્ચા છે. પરિણામે રાજકીય નજર નંદીગ્રામ બેઠક પર કેન્દ્રિત થઈ છે.

# જયપુરમાં પત્ની અને ત્રણ પુત્રીની કરપીણ હત્યા: પતિ શંકાના ઘેરામાં

જયપુર, તા.૧૧

રાજસ્થાનની રાજધાની જયપુરમાં એક જ પરિવારના ચાર સભ્યોની હત્યાથી ચકચાર મચી ગઈ છે. કરધણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ઘરમાં સૂતી પત્ની અને ત્રણ પુત્રીઓના માથામાં પથ્થર મારી હત્યા કરવામાં આવી હતી. મૃતકોમાં ત્રણ પુત્રીઓની ઉંમર ૧૭ થી ૨૪ વર્ષની વચ્ચે હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની




જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ચારેય મૃતદેહોને કબજે લઈ તપાસ શરૂ કરી હતી. ડીસીપી પશ્ચિમ પ્રશાંત કિરણના જણાવ્યા મુજબ, પ્રાથમિક તપાસમાં પરિવારના પિતા રાહુલ ઝા પર શંકા છે. ઘટના બાદથી તે ફરાર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે તેની શોધખોળ માટે સંભવિત સ્થળોએ દરોડા શરૂ કર્યા છે. ઘટના સ્થળેથી લોહીથી ખરડાયેલા કપડાં સહિતના પુરાવા મળ્યા છે. પોલીસે સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવા એકત્રિત કરવાની કામગીરી હાથ ધરી છે. પ્રાથમિક રીતે ઘટના ઘરેલુ ઝઘડાનું પરિણામ હોવાનું અનુમાન છે. જોકે, હત્યાનું ચોક્કસ કારણ અને ઘટનાક્રમ અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# ચિરબાસા નજીક કેદારનાથ યાત્રા માર્ગ પર ભૂસ્ખલનથી અવરજવર ખોરવાઈ


કેદારનાથ, તા.૧૧

રુદ્રપ્રયાગમાં કેદારનાથ યાત્રા માર્ગ પર શુક્રવારે વહેલી સવારે ચિરબાસા હેલિપેડ નજીક વાદળ ફાટતાં આશરે ૧૫૦ મીટર વિસ્તારમાં ભારે ભૂસ્ખલન થયું હતું. માર્ગ પર કાટમાળ અને મોટા પથ્થરો ધસી પડતાં યાત્રા થોડા સમય માટે રોકવામાં આવી હતી. જોકે, પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા બાદ રાહદારીઓની અવરજવર ફરી શરૂ કરાઈ છે. આપત્તિ વ્યવસ્થાપન ટીમોએ ઘટનાસ્થળે પહોંચી કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરી હતી. અધિકારી નંદન સિંહ રાજવારે જણાવ્યું કે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. સાવચેતીના પગલે ઘોડા અને ખચ્ચરની અવરજવર હાલ સ્થગિત રાખવામાં આવી છે. દરમિયાન, બદ્રીનાથના તપ્ત કુંડમાં સ્નાન કરતી વખતે રાજસ્થાનની બે વૃધ્ધ મહિલા યાત્રાળુઓ બેહોશ થઈ ગઈ હતી. તેમને હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં તબીબોએ મૃત જાહેર કર્યા હતા.

# સત્ય નિકેતન ઘટના બાદ દિલ્હીમાં એમસીડીએ ગેરકાયદે બાંધકામો સામે ઝુંબેશ તેજ કરી

નવી દિલ્હી, તા.૧૧

સત્ય નિકેતન ઘટના બાદ દિલ્હીમાં ગેરકાયદે બાંધકામ અને જર્જરિત ઈમારતો સામે એમસીડીએ કાર્યવાહી તેજ કરી છે. ગુરુવારે ૪૧ સ્થળે તોડફોડ કરવામાં આવી, જ્યારે ૬૧ મિલકતો સીલ કરાઈ અને ૩૨ને કારણદર્શક નોટિસ અપાઈ. ગાંધી વિહારના એફ-બ્લોકમાં તપાસ દરમિયાન ૬૫ ઈમારતો જોખમી જાહેર કરાઈ છે. કેટલીક ઈમારતો એક તરફ નમી ગઈ છે અને વચ્ચે માત્ર ૫ ઈંચથી ૨ ફૂટનું અંતર હોવાથી રહેવાસીઓને મકાન ખાલી કરવાની સૂચના અપાઈ છે.



પૂર્વ, પશ્ચિમ અને મધ્ય ઝોનમાં પણ ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહી થઈ છે. ચાંદની ચોકના કુચા મહાજની જ્વેલરી માર્કેટમાં અત્યાર સુધી ૫૪ દુકાનો સીલ કરાઈ છે. દરમિયાન દક્ષિણપશ્ચિમ ઝોનના ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કરાયા છે.

એમસીડીએ ૧,૩૫૫ પીજી ઈમારતોનો સર્વે કર્યો છે. તેમાં ત્રણ જોખમી મળી આવી છે. વિદ્યાર્થીઓની સમસ્યાને ધ્યાનમાં રાખીને એલજીએ ૧૮ સભ્યોની સમિતિને મંજૂરી આપી છે.

# અમેરીકાના એચ-૧બી વિઝાનો નવો પ્રસ્તાવ ભારતીયો માટે ચિંતાનુ કારણ

વોશિંગ્ટન, તા.૧૧

અમેરિકન સરકારે એચ-૧બી સહિત કેટલાક નોન-ઈમિગ્રન્ટ વિઝા ધારકો માટે નોકરી ગુમાવ્યા બાદ મળતા ૬૦ દિવસના ગ્રેસ પીરિયડને દૂર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. પ્રસ્તાવ અમલમાં આવે તો નોકરી છૂટ્યા બાદ અમેરિકામાં રહી નવી નોકરી શોધવી મુશ્કેલ બની શકે છે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ એચ-૧બી ઉપરાંત ઈ-૧, ઈ-૨, ઈ-૩, એચ-૧બી૧, એલ-૧, ઓ-૧ અને ટીએન વિઝા ધારકો માટે આ સુવિધા દૂર કરવાની દરખાસ્ત કરી છે. એચ-૧બી વિઝાનો ઉપયોગ ટેકનિકલ અને વિશિષ્ટ નોકરીઓ માટે મોટા પ્રમાણમાં થાય છે. અમેરિકાની ટેક કંપનીઓ ભારત સહિતના દેશોના કુશળ કર્મચારીઓને આ વિઝા મારફતે નોકરી આપે છે, તેથી ભારતીય આઈટી પ્રોફેશનલો પર તેની અસર થઈ શકે છે. હાલના નિયમ મુજબ નોકરી સમાપ્ત થયા બાદ ૬૦ દિવસમાં નવી નોકરી શોધી શકાય છે. દરખાસ્ત હજુ અંતિમ નથી અને ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશન બાદ જાહેર ટિપ્પણીઓ મંગાવવામાં આવશે.




# રાજ્યમાં આજે ૯ જિલ્લામાં ભારે અને ૧૩મીએ અતિભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદનું જોર વધવાની શકયતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે ૧૨ સપ્ટેમ્બરે દક્ષિણ ગુજરાત સહિત ૯ જિલ્લાઓમાં ભારે વરસાદનું 'યલો એલર્ટ' જાહેર કર્યું છે. આ ઉપરાંત ૧૩ સપ્ટેમ્બરે નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં અતિભારે વરસાદની



ચેતવણી આપવામાં આવી છે.આગામી ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપી, નવસારી અને વલસાડમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. અમદાવાદ, વડોદરા, સુરત અને ભરૂચ સહિત ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને ગાંધીનગરમાં પણ છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્ર અને કચ્છના રાજકોટ, જામનગર, જૂનાગઢ અને દ્વારકા જિલ્લાઓમાં પણ વરસાદી માહોલ રહેવાની સંભાવના છે.

# ભારતની યુવા શક્તિ વિકાસનો મજબૂત પાયો: નાણામંત્રી સીતારમણ

નવીદિલ્હી, તા.૧૧

ગ્લોબલ ફિનટેક ફેસ્ટ-૨૦૨૬માં નાણામંત્રી નિર્મલા સીતારમણે ભારતના ઝડપી વિકાસ અને યુવા શક્તિની ક્ષમતાઓ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે ભારત વસ્તી વિષયક લાભનો વાસ્તવિક અનુભવ કરી રહ્યું છે અને ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વૈશ્વિક નેતૃત્વ કરી રહ્યું છે. યુપીઆઈ મારફતે અબજો વ્યવહારો થઈ રહ્યા છે. કેટલાક લોકો ભારતની પ્રગતિ અને યુવાનોની ક્ષમતાઓ પર સતત શંકા કરે છે તેમ જણાવી તેમણે આવા 'ગુસ્સે કાકા' જેવા અભિગમની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે યુવા શક્તિ ૨૦૪૭ સુધીના વિકાસનો મજબૂત પાયો છે. સીતારમણે ટેકનોલોજી ક્ષેત્ર માટે ફેડરલ ઈન્ડસ્ટ્રી પ્લેટફોર્મની જરૂરિયાત દર્શાવી હતી. કૃત્રિમ બુદ્ધિમત્તા છેતરપિંડી રોકવામાં મદદરૂપ છે.

# સુરતમાં ડિજિટલ એરેસ્ટમાં દંપતી પાસેથી રૂ. ૧૩ લાખ પડાવનાર મુખ્ય ઓપરેટર ઝડપાયો

સુરત, તા. ૧૧

સુરત સાયબર ક્રાઈમે દંપતીને પાંચ દિવસ ડિજિટલ એરેસ્ટમાં રાખી રૂ. ૧૩ લાખ પડાવવાના કેસમાં મુંબઈના ઈક્વિપમેન્ટ સપ્લાયર અફાક આલમ અંસારીને દિલ્હીથી ઝડપી પાડ્યો છે. આરોપીએ રૂ. ૩ લાખના કમિશનની લાલચમાં પોતાનું કંપનીનું બેંક ખાતું સાયબર ગઠિયાઓને આપ્યું હતું. તપાસમાં ખાતામાંથી રૂ. ૧ કરોડથી વધુના વ્યવહારો મળી આવ્યા છે.



આરોપીનું કનેક્શન હૈદરાબાદના રૂ. ૨.૧૩ કરોડના ફ્રોડ સાથે પણ હોવાનું સામે આવ્યું છે. પોલીસે અન્ય બેંક વ્યવહારો અને સાગરીતો અંગે તપાસ હાથ ધરી છે.

# રાજસ્થાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બીજા તબક્કામાં દિગ્ગજોએ મતદાન કર્યુ

જયપુર, તા.૧૧

રાજસ્થાનમાં શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં આજે સવારે ૭ થી સાંજે ૭ વાગ્યા સુધી મતદાન થયું હતું. રાજ્યની ૧૪૭ નગરપાલિકા સંસ્થાઓમાં મતદારોએ પોતાના મનપસંદ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કર્યો હતો. આ તબક્કામાં ૭ મ્યુનિસિપલ કોર્પોરેશન, ૨૦ મ્યુનિસિપલ કાઉન્સિલ અને ૧૨૧ નગરપાલિકાનો સમાવેશ થાય છે. કુલ ૧૮,૨૬૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. જયપુરમાં કેબિનેટ મંત્રી કર્નલ રાજવર્ધન રાઠોડે સિરસી રોડ સ્થિત ગુરુકુલ વિદ્યા મંદિર સિનિયર સેકન્ડરી સ્કૂલના મતદાન મથકે મતદાન કર્યું હતું.




તેમણે જયપુરમાં ભાજપની સરકાર બનવાનો દાવો કરતાં આગામી ૧૦ વર્ષમાં શહેરને દેશના સૌથી સમૃધ્ધ શહેરોમાં સામેલ કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નાયબ મુખ્યમંત્રી દિયા કુમારીએ જયપુરના વોર્ડ નં. ૧૪૧માં મતદાન કરી લોકોને મોટી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી હતી. તેમણે મતદાનને લોકશાહીનો ઉત્સવ ગણાવ્યો હતો.

# વૈશ્વિક આબોહવા સંકટ વચ્ચે ઓગસ્ટ ઈતિહાસના સૌથી ગરમ મહિનામાં સામેલ

જિનીવા, તા.૧૧


વૈશ્વિક આબોહવા સંકટ વચ્ચે ઓગસ્ટ ૨૦૨૬ ઈતિહાસના સૌથી ગરમ મહિનાઓમાં સામેલ થયો છે. કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસના આંકડા મુજબ ઓગસ્ટનું વૈશ્વિક સરેરાશ હવાનું તાપમાન ૧૬.૯૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ૧૯૯૧-૨૦૨૦ની સરેરાશ કરતાં ૦.૮૫ ડિગ્રી અને પૂર્વ-ઔદ્યોગિક સમયગાળા કરતાં ૧.૬૫ ડિગ્રી વધુ છે. આ તાપમાન જુલાઈ ૨૦૨૩ સાથે રેકોર્ડ સ્તરે રહ્યું હતું.




વૈજ્ઞાનિકોના મતે, અશ્મિભૂત ઈંધણના વધતા ઉપયોગથી વાતાવરણમાં ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ વધવું અને વિષુવવૃત્તીય પેસિફિકમાં અલ નીનોની સ્થિતિ આ ગરમી માટે જવાબદાર છે. મહાસાગરોનું સરેરાશ સપાટી તાપમાન પણ ૨૧.૦૭ ડિગ્રી નોંધાયું, જે અગાઉના રેકોર્ડ કરતાં વધુ છે. પશ્ચિમ યુરોપમાં ૨૦૦૩નો ગરમીનો રેકોર્ડ તૂટ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલી ગરમીને કારણે પશ્ચિમ, મધ્ય અને પૂર્વી યુરોપના વિસ્તારોમાં ગંભીર દુષ્કાળની સ્થિતિ સર્જાઈ છે.

# ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સના આયોજન માટે ગુજરાત સરકારે ૩૦૧ કરોડની ફાળવણી કરી

અમદાવાદ,તા.૧૧



વર્ષ ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સની યજમાની મેળવીને ગુજરાત રમતગમત ક્ષેત્રે વૈશ્વિક ફલક પર નવી ઓળખ ઊભી કરવા જઈ રહ્યું છે. આ આંતરરાષ્ટ્રીય રમત મહોત્સવના સફળ આયોજન માટે રાજ્ય સરકારે રૂ. ૩૦૧ કરોડની આર્થિક જોગવાઈ કરી છે. જેમાં ૨૦૦ કરોડ રૂપિયા હોસ્ટ ફી, ૧૦૦ કરોડ રૂપિયા મહેસૂલી ખર્ચ અને ૧ કરોડ રૂપિયા મૂડી સદરે ટોકન જોગવાઈ તરીકે ફાળવવામાં આવ્યા છે.

આ રમતોના સંચાલન માટે કલમ-૮ હેઠળ 'અમદાવાદ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ સંગઠન' કંપનીની રચના કરાઈ છે. હાલ કોમનવેલ્થ સ્પોર્ટ્સ, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન અને આંતરરાષ્ટ્રીય રમત મહાસંઘો સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજીને સ્થળોની પસંદગી તથા માળખાકીય સુવિધાઓનો સમીક્ષા આયોજન ચાલી રહ્યું છે. આ ભવ્ય આયોજનથી રાજ્યના રમત ક્ષેત્રે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત થશે અને સ્થાનિક ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરનું ઉત્કૃષ્ટ પ્લેટફોર્મ પ્રાપ્ત થશે.

# ગિફ્ટ સિટીમાં વિદેશી દારૂના વેચાણમાં મોટો ઉછાળો, સરકારને ૮૭ લાખથી વધુની આવક

ગાંધીનગર,તા.૧૧




ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં 'વાઈન એન્ડ ડાઈન' સુવિધા શરૂ થયા બાદ વિદેશી દારૂના વેચાણમાં મોટો વધારો થયો છે. ગુજરાત વિધાનસભામાં રજૂ કરાયેલી સરકારી વિગતો અનુસાર, ગિફ્ટ સિટી વિસ્તારમાં ૧ ઓગસ્ટ ૨૦૨૪થી ૩૧ જુલાઈ ૨૦૨૫ દરમિયાન ૩,૭૧૬.૨૮ લિટર વિદેશી દારૂનું વેચાણ થયું હતું. જ્યારે ૧ ઓગસ્ટ ૨૦૨૫થી ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધીના એક વર્ષમાં આ વેચાણ સીધું વધીને ૫૫,૬૩૮.૧૯ લિટર નોંધાયું છે.

ગિફ્ટ સિટીને આંતરરાષ્ટ્રીય બિઝનેસ હબ તરીકે પ્રોત્સાહિત કરવા ડિસેમ્બર ૨૦૨૩માં નિયમોને આધીન આ સુવિધા મંજૂર કરવામાં આવી હતી. આ સુવિધા હેઠળ હોટેલ, રેસ્ટોરન્ટ અને ક્લબ જેવા નિર્ધારિત વિસ્તારોમાં માન્યતા પ્રાપ્ત કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે વ્યવસ્થા ઉપલબ્ધ છે. દારૂના વેચાણમાં થયેલા આ નોંધપાત્ર ઉછાળાથી છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રૂ. ૮૭.૩૯ લાખથી વધુની આવક થઈ છે.

# હવેથી કોઈપણ મિલકત માટે લેખિત ભાડા કરાર ફરજિયાત

ગાંધીનગર,તા.૧૧

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રમાં શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરાયેલું 'ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬' સર્વાનુમતે પસાર થયું છે. આ નવા કાયદા હેઠળ હવે કોઈપણ મિલકત માટે લેખિત ભાડા કરાર કરાવવો અને બે મહિનામાં ભાડા સત્તામંડળને જાણ કરવી ફરજિયાત બનશે. મકાનમાલિક વધુમાં વધુ ત્રણ મહિનાનું ભાડું જ સિક્યોરિટી ડિપોઝિટ તરીકે લઈ શકશે અને મકાન ખાલી કર્યા બાદ એક મહિનામાં રકમ પરત કરવી પડશે. વિવાદોના ઝડપી નિકાલ માટે ભાડા કોર્ટ અને ટ્રિબ્યુનલની રચના કરાશે. ભાડૂઆતની મંજૂરી કે નોટિસ વિના મકાનમાલિક પ્રવેશ કરી શકશે નહીં તથા વીજળી-પાણી જેવી સેવાઓ બંધ કરી શકશે નહીં. સમયસર મકાન ખાલી ન કરનાર ભાડૂઆતે બમણું ભાડું ચૂકવવું પડશે.

# લાંબા સમયના સંમતિથી સંબંધ બાદ લગ્ન ના થાય તો છેતરપિંડીનો ગુનો ના ગણાય: ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ,તા.૧૧



ગુજરાત હાઈકોર્ટે લગ્નના વચનના આધારે શારીરિક સંબંધ બાંધવાના આક્ષેપ સાથે એક યુવક સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, લાંબા સમય સુધી સંમતિથી સંબંધ રહ્યા બાદ લગ્ન ન થાય કે યુવક લગ્નનો ઈનકાર કરે, તો તેના આધારે શરૂઆતથી જ છેતરપિંડીનો ગુનાહિત ઈરાદો હતો તેવું આપમેળે માની શકાય નહીં.

કેસની વિગત મુજબ, યુવતી અને યુવક વચ્ચે જૂન ૨૦૨૩થી એપ્રિલ ૨૦૨૫ સુધી (લગભગ બે વર્ષ) સંમતિથી સંબંધ રહ્યો હતો. હાઈકોર્ટે મહત્વપૂર્ણ અવલોકન કર્યું કે, 'લગ્ન ન થવું' અને 'શરૂઆતથી જ લગ્નનું ખોટું વચન આપવું'. આ બંને અલગ બાબતો છે. જો શરૂઆતથી જ દગાખોરીનો ઈરાદો ન હોય અને બાદમાં કોઈ કારણસર લગ્ન ન થઈ શકે, તો તેને ફોજદારી ગુનો ગણાવી શકાય નહીં. એડવોકેટ જીગ્નેશ નાયકની રજૂઆતો ધ્યાને લઈ હાઈકોર્ટે યુવક સામેની ફોજદારી કાર્યવાહી રદ કરી હતી.

# વલ્લભવિદ્યાનગરમાં ફૂડ પોઈઝનિંગની ૨૦૦થી વધુ વિદ્યાર્થિનીઓને અસર



આણંદ,તા.૧૧

વલ્લભ વિદ્યાનગરની રાણક ગર્લ્સ હોસ્ટેલમાં રાત્રિભોજનમાં પનીરનું શાક અને ફ્રૂટ સલાડ ખાધા બાદ ૨૦૦થી વધુ વિદ્યાર્થિનીઓને ફૂડ પોઈઝનિંગની અસર થઈ છે, જેમાંથી ૨૦થી વધુને હોસ્પિટલમાં દાખલ કરાઈ છે. આરોગ્ય વિભાગે રસોડામાં ગંદકી અને અનાજમાં જીવાત જોઈ ખોરાકના સેમ્પલ લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલ્યા છે.

# અમદાવાદ બન્યું નશાનું એપીસેન્ટર: ૬ મહિનામાં ૩૮ કરોડથી વધુનું ડ્રગ્સ અને દારૂ ઝડપાયો

અમદાવાદ,તા.૧૧




ગુજરાત વિધાનસભામાં રજૂ કરાયેલા સરકારી આંકડા મુજબ અમદાવાદ શહેરમાં નશાખોરીનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે.

ફેબ્રુઆરી ૨૦૨૬થી જુલાઈ ૨૦૨૬ સુધીના માત્ર છ મહિનામાં પોલીસે અમદાવાદમાંથી કુલ રૂ. ૩૮.૭૪ કરોડની કિંમતના નશીલા પદાર્થો જપ્ત કર્યા છે. જેમાં ૨૬ કરોડ રૂપિયાનું સિન્થેટિક ડ્રગ્સ, અફીણ, ચરસ અને ગાંજો તથા ૧૧.૮૪ કરોડ રૂપિયાનો દેશી-વિદેશી દારૂ અને બિયર સામેલ છે.

પોલીસ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચ ઉપરાંત નરોડા, રામોલ, નિકોલ અને નારોલ જેવા સીમાવર્તી પોલીસ સ્ટેશનોમાં સૌથી વધુ જથ્થો પકડાયો છે. એકમાત્ર નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૧૪.૨૯ કરોડનું ડ્રગ્સ અને ૧.૮૨ કરોડનો દારૂ ઝડપાયો હતો. દારૂ કરતાં બમણી કિંમતનું ડ્રગ્સ પકડાતાં અમદાવાદ ડ્રગ્સ માફિયાઓનું એપીસેન્ટર બની રહ્યું હોવાના ગંભીર સવાલો ઊભા થયા છે.

# ભાદરવી પૂનમના મેળા પૂર્વે અંબાજી મંદિરમાં ૨૦૦૦થી વધુ દીવડાંની મહાઆરતી યોજાઈ

અંબાજી,તા.૧૧



પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આગામી ભાદરવી પૂનમના મહામેળા પૂર્વે શ્રાવણ માસની અમાસ નિમિત્તે ચાચર ચોકમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે ૨૦૦૦થી વધુ દીવડાંની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રધ્ધાળુઓએ પોતાના શરીર પર દીવડા ગોઠવીને માં અંબાની આરાધના કરી હતી.

આ કાર્યક્રમમાં ખેડા, આણંદ અને નડિયાદ વિસ્તારના મોટી સંખ્યામાં પદયાત્રીઓ જોડાયા હતા. ૧૬૨ વર્ષ જૂની પરંપરા મુજબ નડિયાદના સંઘ દ્વારા માતાજીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. વિધાસભ્ય પંકજ દેસાઈએ પણ પરિવાર સાથે ઉપસ્થિત રહી આરતીનો લાભ લીધો હતો. રાત્રિ દરમિયાન વેશભૂષાધારી ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી અને મેઘ મહેર થાય તે માટે પ્રાર્થના કરી હતી. કાર્યક્રમના અંતે ભવ્ય આતશબાજીથી અંબાજીનું આકાશ ઝગમગી ઊઠ્યું હતું.

# ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ બિલ મુદ્દે વિધાનસભામાં ઘમાસાણ

ગાંધીનગર,તા.૧૧



ગુજરાત વિધાનસભામાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ બિલ-૨૦૨૬' રજૂ થતાં જ સરકાર અને વિપક્ષ વચ્ચે ઉગ્ર ચર્ચા જામી હતી. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે સવાલ ઉઠાવ્યો હતો કે ૯ જેટલા વિભાગો સાથે સંકળાયેલા આ બિલને એક જ વિભાગ મારફતે કેમ રજૂ કરાયું? તેમણે અલગ-અલગ વિષયોને એકત્ર કરવા તથા રાષ્ટ્રપતિની મંજૂરી મેળવેલા કાયદાઓમાં સુધારાની પ્રક્રિયા પર પ્રશ્નો કર્યા હતા. સામે પક્ષે મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટતા કરી કે તમામ વિભાગોની સંમતિ મેળવાઈ છે અને આ બિલનો હેતુ સરકારી પ્રક્રિયા સરળ બનાવી નાગરિકોનો સમય બચાવવાનો છે. ભારે ચર્ચા વચ્ચે બિલની આગળની કાર્યવાહી મહત્વપૂર્ણ બનશે.

# રાજકોટ સામૂહિક આપઘાત કેસમાં વ્યાજખોર ફાઈનાન્સર સામે ગુનો દાખલ

રાજકોટ,તા.૧૧

રાજકોટમાં ગત ૨૭ જુલાઈના રોજ ખખ્ખર પરિવારના દંપતી અને પુત્રએ ઝેરી દવા પીને કરેલા સામૂહિક આપઘાત પ્રકરણમાં પોલીસે ફાઈનાન્સર સંદીપ લખતરિયા સામે ગુનો નોંધ્યો છે. મૃતકના કૌટુંબિક ભત્રીજાની ફરિયાદ મુજબ, પોતે મીડિયાકર્મી હોવાનો રોફ જમાવતો આ વ્યાજખોર પઠાણી ઉઘરાણી કરીને અમાનવીય ત્રાસ આપતો હતો. પરિવારે ૨૨ લાખ રૂપિયા ચૂકવી દીધા હોવા છતાં વધુ નાણાં માટે સતત ધમકીઓ અપાતી હતી. આટલું જ નહીં, ભત્રીજાને બાનમાં રાખી સોનાની વીંટી પણ પડાવી લેવાઈ હતી. વ્યાજખોરના આ સતત માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને સમગ્ર પરિવારે આત્યંતિક પગલું ભર્યું હતું. પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# હળવદ નગરપાલિકામાં તાળું મારવા બદલ AAP નેતા સહિત ત્રણ સામે ગુનો

મોરબી,તા.૧૧



હળવદની સિદ્ધિવિનાયક સોસાયટીમાં ગટર ઉભરાવાની સમસ્યા મુદ્દે નગરપાલિકા ખાતે રજૂઆત કરવા પહોંચેલા સ્થાનિકો અને નેતાઓ દ્વારા કચેરીનું શટર બહારથી બંધ કરી દેવાતાં વિવાદ સર્જાયો છે. આ દરમિયાન અંદર બે મહિલા સફાઈ કર્મચારીઓ ફસાઈ જતાં તેમને ગભરામણ અને છાતીમાં દુખાવાની તકલીફ થઈ હતી. સરકારી ફરજમાં રુકાવટ અને કર્મચારીઓને અટકાયતમાં રાખવા બદલ નિસર્ગ ધામેચાની ફરિયાદના આધારે હળવદ પોલીસે આમ આદમી પાર્ટીના તાલુકા પ્રમુખ ચંદુ મોરી, પારસ મહેતા અને પ્રશાંત ચાવડા સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગટરની સમસ્યા સામેના વિરોધ પ્રદર્શને હવે કાનૂની સ્વરૂપ ધારણ કરતાં હળવદના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર મેગા સીટીમાં થતા
ફુવારા પધ્ધતિ (TOPICALTACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી થી મોતીયાનાં ટાંકા વગરનાં ઓપરેશન
નહીં ઈંજેક્શન, નહીં કોઈ દુઃખાવો, નહી પટ્ટો કે નહીં પટ્ટી, ઓપરેશન બાદ તુરંત જ દેખાવાનું શરૂ, પાંચ દિવસમાં રોજીંદુ કામકાજ કરી શકાય.
ઉચ્ચ કક્ષાનાં નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આશિર્વાદરૂપ
અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર Cash-Less Hospital
નીચેની તમામ કંપનીનાં વિમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમ કે મોતીયો (ઉચ્ચ નેત્રમણી) સાથે વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશલેસ) કરી આપવામાં આવશે.
ડો. અભિષેક ઠાકર (આંખના સર્જન)
ડો. સોનલબેન ઠાકર (ડેન્ટલ સર્જન)
ડો. હર્ષિત ઠાકર
STAR Health Insurance · TATA AIG · SBI general · Medi Assist · care · RELIANCE General Insurance · BAJAJ Allianz · ADITYA BIRLA CAPITAL · digit · Health Insurance · ACKO · HDFC ERGO · ICICI Lombard · Liberty General Insurance · IFFCO-TOKIO · Universal Sompo · ZURICH kotak · RAHEJA QBE · Royal Sundaram
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ચિતલ રોડ, રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭ ૨૩૩૫૬૫

# રાજ્યમાં દુષ્કાળના સમયમાં ખેડૂતોને રામભરોસે ન છોડી શકાય : અમિત ચાવડા

ગાંધીનગર,તા.૧૧




ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ સરકાર પર પ્રહારો કરતા જણાવ્યું છે કે, રાજ્યના સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં વરસાદ ખેંચાતાં સ્થિતિ અતિ ગંભીર બની છે. ૧૧૨થી વધુ તાલુકાઓ ગંભીર અછતનો સામનો કરી રહ્યા છે, ત્યારે સરકાર ૩૧ ઓક્ટોબર સુધી સર્વેના નામે સમય બગાડવાને બદલે તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોને 'દુષ્કાળગ્રસ્ત' જાહેર કરે. પ્રધાનમંત્રી પાક વીમા યોજના ૨૦૨૦થી બંધ હોવાથી ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થઈ ગયા છે. તેમણે પાક નુકસાનીનું સીધું વળતર આપવા, ખેડૂતોનું એક વર્ષનું પાક ધિરાણ અને વીજ બિલ માફ કરવા તથા પીવાના પાણી અને ઘાસચારાની તાત્કાલિક વ્યવસ્થા કરવા આક્રમક માંગ કરી છે.

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com